dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 305 | AD - 2026, Ashadh Vad - 12 | Monday, Dt. 10-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભારતીય રમતવીરોએ પોતાની શાનદાર ક્ષમતા દર્શાવતા કુલ ૩૯ મેડલ મેળવ્યાં

# કોમનવેલ્થ ગેમ્સના ૩૯ ચેમ્પિયન્સ સાથે નરેન્દ્ર મોદીની ખાસ મુલાકાત

નવી દિલ્હી,તા.૦૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારત માટે મેડલ જીતીને દેશનું નામ રોશન કરનાર ખેલાડીઓ સાથે દિલ્હી સ્થિત નિવસ્થાને ખાસ મુલાકાત કરી હતી.

આ મુલાકાત બાદ વડાપ્રધાને પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ભારતીય ચેમ્પિયન્સ સાથેની એક ખાસ ૩૨ સેકન્ડની રીલ શેર કરી છે. આ વિડીયોમાં વડાપ્રધાન ગોલ્ડ મેડલિસ્ટ બોક્સર સાક્ષી ચૌધરી સહિત અન્ય સફળ ખેલાડીઓ સાથે હળવા મૂડમાં ઉત્સાહવર્ધન કરતા નજરે પડે છે. તેમણે દેશના યુવાનોને રમતગમત તરફ પ્રેરિત કરવા માટે 'જો ખેલેગા, વહીં ખીલેગા'નો સકારાત્મક સંદેશ આપ્યો હતો. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતનું શાનદાર પ્રદર્શન અને ચોથું સ્થાન ગ્લાસગો ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતીય રમતવીરોએ પોતાની શાનદાર ક્ષમતા દર્શાવતા કુલ ૩૯ મેડલ મેળવ્યા હતા. ભારતીય ટુકડીએ ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ સાથે ઓવરઓલ મેડલ ટેલીમાં ચોથું સ્થાન હાંસલ કર્યું હતું. કેટલીક પરંપરાગત રમતોની ગેરહાજરી હોવા છતાં ભારતીય ખેલાડીઓના આ દેખાવની દેશભરમાં પ્રશંસા થઈ રહી



છે. ૭ ગોલ્ડ સાથે ૧૦ મેડલ પોતાના નામે કર્યા ભારતના આ સફળ અભિયાનમાં સૌથી મોટો અને મહત્વનો ફાળો બોક્સિંગ ક્ષેત્રનો રહ્યો છે. બોક્સરોએ પોતાના પ્રભાવશાળી પ્રદર્શનથી ૭ ગોલ્ડ અને ૩ સિલ્વર સહિત કુલ ૧૦ મેડલ દેશને અપાવ્યા હતા. ગણતરી પ્રમાણે ભારતને મળેલા દર ચારમાંથી એક મેડલ બોક્સિંગ રિંગમાંથી આવ્યો છે. આ સિવાય એથ્લેટિક્સમાં પણ ભારતીય રમતવીરોએ ૧૦ મેડલ જીતીને શાનદાર પ્રદર્શન કર્યું હતું, જોકે તેમાં ગોલ્ડ મેડલ મેળવવામાં સફળતા મળી ન હતી. અન્ય રમત ક્ષેત્રોમાં ભારતીય રમતવીરોનું યોગદાન બોક્સિંગ અને એથ્લેટિક્સ ઉપરાંત અન્ય રમતોમાં પણ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ લડાયક મનોવૃત્તિ દર્શાવી હતી. વેટલિફ્ટિંગ સ્પર્ધામાંથી ભારતે ૮ મેડલ પ્રાપ્ત કર્યા, જ્યારે પેરા એથલેટિક્સમાં ખેલાડીઓએ ૬ મેડલ જીતીને દેશનું સન્માન વધાર્યું હતું. જૂડો ક્ષેત્રે ૪ મેડલ અને પેરા પાવરલિફ્ટિંગમાં ૧ મેડલ ભારતના નામે થયો હતો. આમ, કુલ ૩૯ માંથી ૩૭ મેડલ મુખ્યત્વે આ પાંચ રમતોમાંથી આવ્યા છે, જે ભારતમાં રમતગમતના વિસ્તરી રહેલા વ્યાપને દર્શાવે છે. યુવાનો માટે પ્રેરણા અને ભવિષ્યની દિશા વડાપ્રધાન સાથેની આ મુલાકાતથી ખેલાડીઓમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાને જણાવ્યું હતું કે આ ખેલાડીઓની મહેનત અને સમર્પણ દેશના લાખો યુવાનોને પોતાના સપના પૂરા કરવા માટે સતત પ્રેરણા આપશે. રમતગમત ક્ષેત્રે ભારતની આ સફળતા ભવિષ્યની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે મજબૂત પાયો તૈયાર કરી રહી છે.

# મથુરામાં સાધુ-સંતો દ્વારા ૬ ડિસેમ્બરે કૃષ્ણ જન્મભૂમિ ખાતે કાર સેવાની જાહેરાત

મથુરા,તા.૦૯

મથુરાના રાધાકુંડ સ્થિત ચિત્રગુપ્ત પીઠ ખાતે હવન-પૂજન બાદ સાધુ-સંતોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ૬ ડિસેમ્બરે કૃષ્ણ જન્મભૂમિ ખાતે કાર સેવા યોજવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સ્વામી સચ્ચિદાનંદ મહારાજે જણાવ્યું કે અગાઉ ૯ ઓગસ્ટે જ આ આહ્વાન થવાનું હતું, પરંતુ શ્રાવણ મહિનાની કાવડ યાત્રાને કારણે તારીખ આગળ



લંબાવવામાં આવી છે.

મંદિર નિર્માણ માટે ભરતપુરના બંસી પહાડપુરથી ગુલાબી પથ્થરોનો પહેલો જથ્થો મથુરા પહોંચી ગયો છે. નોંધનીય છે કે આ એ જ પથ્થરો છે જેનો ઉપયોગ અયોધ્યાના રામ મંદિરમાં થયો હતો. કુલ ૫,૦૦૦ મેટ્રિક ટન પથ્થરોનો ઓર્ડર આપવામાં આવ્યો છે, જોકે હાલ પૂરતો બીજો જથ્થો રોકી દેવાયો છે.

કાર સેવાની જાહેરાતને પગલે પોલીસ અને વહીવટીતંત્ર પૂર્ણ એલર્ટ પર છે.

શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા માટે પોલીસે ૧૨થી વધુ પ્રમુખ સાધુ-સંતોને લાલ કાર્ડ નોટિસ ફટકારી છે.પોલીસ ચેતવણી: સોશિયલ મીડિયા પર ભડકાઉ પોસ્ટ કે વિડીયો શેર ન કરવા સૂચના. કાનૂની કાર્યવાહી: કૃષ્ણ જન્મસ્થાન આસપાસ માહોલ બગાડવાનો પ્રયાસ થશે તો કડક પગલાં લેવાશે.

# મમતા બેનર્જીના કાફલા પર હુમલો: ગાડી પર પથ્થરમારો અને કાદવ ફેંકાયો, 'મરતાં મરતાં બચ્યાં'નો આરોપ

નવી દિલ્હી,તા.૦૯

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) સુપ્રિમો મમતા બેનર્જીએ રવિવારે તેમની કાર પર હુમલો થયાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ઉત્તર ૨૪ પરગના જિલ્લાના બિજપુર પાસે અસામાજિક તત્વો અને સ્થાનિક ટોળાએ તેમના કાફલાને રોકીને ગાડી પર પથ્થરો, જૂતા અને કાદવ ફેંક્યો હતો. આ દરમિયાન વિરોધકર્તાઓએ 'ચોર-ચોર'ના નારા પણ લગાવ્યા હતા. કસ્ટડી મૃત્યુ બાદ સાંત્વના આપવા



જઈ રહ્યા હતામમતા બેનર્જી હાલીશહર પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલા ટીએમસી કાર્યકર બિરજુ કેઓટના પરિવારને સાંત્વના આપવા જઈ રહ્યા હતા. ઘટના અંગે તેમણે જણાવ્યું કે, 'ગાડી પર મોટા પથ્થરો ફેંકવામાં આવ્યા હતા. જો બારી ખુલ્લી હોત તો માથું ફાટી જાત અને મૃત્યુ પણ થઈ શકત.' તેમણે આ સમગ્ર હુમલાને સુનિયોજિત ષડયંત્ર ગણાવ્યું હતું. પોલીસ અને સુરક્ષા વ્યવસ્થા સામે સવાલોમમતા બેનર્જીએ દાવો કર્યો કે તેમણે પોલીસને અગાઉથી પોતાની મુલાકાત અંગે જાણ કરી હતી, છતાં કોઈ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી નહોતી. તેમણે આરોપ લગાવ્યો કે આ બધું પોલીસની હાજરીમાં જ બન્યું છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ બારુઈપુરમાં રેલી દરમિયાન હંગામો થયો હતો, જેમાં વિરોધ પ્રદર્શનો અને સુત્રોચ્ચાર વચ્ચે રાજ્યમાં અરાજકતા હોવાના આક્ષેપો થયા હતા.

### ૧૧ ઓગસ્ટથી નવા દર અમલમાં, ગૃહીણીનું બજેટ ખોરવાશે

# મહારાષ્ટ્રમાં આવતીકાલથી દૂધમાં રૂ. ૨નો વધારો

મહારાષ્ટ્ર,તા.૦૯

મહારાષ્ટ્રમાં દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૨નો વધારો કરવામાં આવ્યો છે, જે નવા દરો ૧૧ ઓગસ્ટથી લાગુ થશે. આ વધારા બાદ ગાયનું દૂધ પ્રતિ લિટર રૂ.૬૨ અને ભેંસનું દૂધ પ્રતિ લિટર રૂ.૭૮ના ભાવે મળશે. અગાઉ ગાયનું દૂધ રૂ.૬૦ અને ભેંસનું દૂધ રૂ.૭૬ પ્રતિ લિટર વેચાતું હતું. ડેરી સંચાલકોના જણાવ્યા અનુસાર




પરિવહન ખર્ચ અને ખેડૂતો પાસેથી દૂધ એકત્ર કરવાનો ખર્ચ વધવાને કારણે ભાવવધારો કરવો અનિવાર્ય બન્યો હતો.

તાજેતરમાં સંસદમાં મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહે સ્પષ્ટ કર્યું હતું કે દૂધ માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) નક્કી કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. દૂધના દરો બજારની પરિસ્થિતિ મુજબ સહકારી અને ખાનગી ડેરીઓ દ્વારા જ નક્કી કરવામાં આવે છે.

સરકારે દૂધ ઉત્પાદકો અને ગ્રાહકોના હિત રક્ષણ માટે ગ્રામીણ સ્તરે નવી ડેરી સહકારી મંડળીઓની સ્થાપના કરી છે અને દૂધ ઠંડુ કરવાની ક્ષમતામાં વધારો કર્યો છે.

ભારતનું દૂધ ઉત્પાદન ૨૦૧૪-૧૫ના ૧૪૬ મિલિયન મેટ્રિક ટનથી વધીને ૨૦૨૪-૨૫માં ૨૪૮ મિલિયન મેટ્રિક ટન પહોંચવાનો અંદાજ છે, જે ૬૯ ટકાનો વધારો દર્શાવે છે. પશુઓની જાતિ વિકાસ, આનુવંશિક સુધારણા અને કૃત્રિમ ગર્ભાધાન જેવા ક્રાંતિકારી પગલાંઓને કારણે દૂધ ઉત્પાદનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

# એનસીપી (શરદ પવાર) જૂથના આઠ સાંસદો વડાપ્રધાન મોદીને મળશે

મુંબઈ,તા.૦૯

એનસીપી શરદ પવાર જૂથના તમામ આઠ સાંસદો ૧૦ ઓગસ્ટે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે.


આ બેઠકને લઈને રાજકીય અટકળો તેજ થઈ છે, પરંતુ સાંસદ સુપ્રિયા સુલેએ તેને માત્ર ક્ષેત્રીય મુદ્દાઓ પરની સત્તાવાર મુલાકાત ગણાવી છે.

સુપ્રિયા સુલેએ રાજકીય અટકળોને ફગાવતા જણાવ્યું કે આ બેઠક સાંસદોના મતવિસ્તારના પ્રશ્નો અંગે છે. તેમણે ઉમેર્યું કે એફસીઆરએ બિલનો પક્ષ વિરોધ કરશે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૦-૦૮-૨૦૨૬

# સાવરકુંડલાના જેસર રોડ પર ગટરની સફાઈ શરૂ: ધારાસભ્યના પ્રયાસથી GUDS મશીન મંગાવાયું

સાવરકુંડલા,તા.૦૯


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર-૮માં આવેલા જેસર રોડ વિસ્તારમાં ગટરના અવરોધ અને સફાઈની લાંબા સમયની સમસ્યા ઉકેલવા માટે ધારાસભ્યના પ્રયત્નોથી મહત્વનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ધારાસભ્યએ ગાંધીનગરના GUDS વિભાગમાંથી મોટું ગટર જેટિંગ મશીન મંગાવીને જેસર રોડ વિસ્તારમાં સફાઈની કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરાવી છે, જેનાથી સ્થાનિક નાગરિકોને મુશ્કેલીમાંથી રાહત મળવાની શક્યતા વધી છે. આ કામગીરી અંગે નગરપાલિકાના જાગૃત સદસ્ય નીતિનભાઈ હેલયા અને હરિભાઈ ભરવાડે ધારાસભ્ય તેમજ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને ચેરમેનને સફળ રજૂઆત કરી હતી.

# સાવરકુંડલા ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત યોજાયો કાર્યક્રમ

**નગરપાલિકા પ્રમુખ, ભાજપ અગ્રણીઓ અને ડેપોના કર્મચારીઓની હાજરીમાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો**

સાવરકુંડલા,તા.૦૯



સાવરકુંડલા ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન કાપડિયા, અતુલભાઈ તેમજ ભાજપના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, સ્વચ્છતાના આ કાર્યક્રમમાં સાવરકુંડલા ડેપોના તમામ કર્મચારીઓ તેમજ વિવિધ સંગઠનોના આગેવાનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જાફરાબાદ કૉલેજમાં નિબંધ અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા

જાફરાબાદ,તા.૦૯




સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાફરાબાદમાં પ્રિન્સીપાલ ડૉ. વિરલકુમાર શીલુના માર્ગદર્શન હેઠળ તા. ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૩૭ વિદ્યાર્થીઓ જોડાયા હતા. સર્જનાત્મકધારા અંતર્ગત વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને નિર્ણાયકો સતિષ મેઘાણી અને હાર્દિક જોશીએ માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# અમરેલીમાં અનુકંપા ફાઉન્ડેશન દ્વારા 'ટુ વ્હીલર ફોર ટુ' બાઈક રેલીનું આયોજન

અમરેલી,તા.૦૯

અમરેલીમાં અનુકંપા ફાઉન્ડેશન દ્વારા 'ટુ વ્હીલર ફોર ટુ' બાઈક રેલીનું આયોજનને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે. અમરેલીમાં અનુકંપા ફાઉન્ડેશન દ્વારા 'ટુ વ્હીલર ફોર ટુ' નામનું અનોખું અભિયાન શરૂ કરવામા આવ્યું છે. બાઈકની ખાલી સીટ અન્યને ઓફર કરી સામાજિક સોહાર્દનો સંદેશ ફેલાવવા આ બાઈક રેલીનું આયોજન કરાયું છે. ૧૪ ઓગસ્ટના રોજ સમર્થ વ્યાયામ મંદિર પાસેથી નીકળી આ રેલી શહેરના વિવિધ માર્ગો પર ફરશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આ રેલીને સંબોધિત કરશે અને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવશે. 'સન્ડે ઓન સાયકલ' ના



પ્રણેતા ડો. ભરત કાનાબાર દ્વારા આ અભિયાન રજૂ કરાયું છે. લીફ્ટ આપવી અને લીફ્ટ માગવી એ એક સાધારણ સામાજિક વ્યવહાર બને તેવો હેતુ છે. આ અભિયાનથી વાહનોની સંખ્યા, ટ્રાફિક, અકસ્માત અને પ્રદૂષણમાં ઘટાડો થશે. રેલીમાં ડોક્ટરો, વકીલો, વેપારીઓ તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો જોડાશે. કાર્યક્રમમાં મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, દિલીપભાઈ સંઘાણી સહિતના અનેક નેતાઓ ઉપસ્થિત રહેશે.

# બાબરાના યુવાન ધ્રુવીન રાઠોડની ઈન્ડિયન એરફોર્સમાં પસંદગી થતા ભવ્ય સ્વાગત અને સન્માન સમારોહ

બાબરા,તા.૦૯



બાબરાના યુવાન ધ્રુવીન વિપુલભાઈ રાઠોડની ઈન્ડિયન એરફોર્સમાં પસંદગી થતાં શહેરમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. સ્વ. વિપુલભાઈ રાઠોડના પુત્ર ધ્રુવીનનું વાજતે-ગાજતે ભવ્ય સ્વાગત કરી રેલી યોજવામાં આવી હતી.શહીદ ભગતસિંહ ચોક ખાતે શહીદ ભગતસિંહ યુવા સમિતિ દ્વારા પરેડ-સલામી સાથે રાષ્ટ્રધ્વજને વંદન કરાયું હતું. લુહારવાડી ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં રાજકીય, સામાજિક આગેવાનો અને નાગરિકોએ હાજરી આપી યુવાનને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. રાઠોડ પરિવારે સૌનો આભાર માન્યો હતો.

# અમરેલીમાં બાળ ઉર્જા રક્ષક દળ દ્વારા ઉર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૯

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર અને ડિસ્ટ્રિક્ટ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમરેલીના સંયુક્ત ઉપક્રમે ઉર્જા સંરક્ષણ અને જાગૃતિ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી હેઠળ પ્રાથમિક શાળાઓમાં 'બાળ ઉર્જા રક્ષક દળ' દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી. વિદ્યાર્થીઓમાં ઉર્જા બચત પ્રત્યે જાગૃતા લાવવા માટે ઉર્જા રેલી, ચિત્ર સ્પર્ધા, સોલર સાધનોનું પ્રદર્શન અને સાયન્સ ક્વિઝ જેવી



વિવિધ હરીફાઈઓ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા બાળકોને પ્રમાણપત્ર અને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પહેલથી ગ્રામીણ વિસ્તારના બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને ઉર્જા બચાવવાના સંસ્કારોનું સિંચન થયું છે.

# અમરેલી જિલ્લા જેલમાં કાચા કામના કેદીને સર્પ દંશ

**જિલ્લા જેલમાં કાચા કામના કેદીનુ અપમૃત્યુ થતા પરિવારમાં શોકની લાગણી**

અમરેલી, તા.૯

અમરેલીની જિલ્લા જેલમાં કાચા કામના કેદીને સર્પે દંશ માર્યો હતો. નિર્દોષ શીવલાલભાઈ સોમાણી (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, તેઓ અમરેલી જિલ્લા જેલ ખાતે કાચા કામના કેદી તરીકે હતા.

બેરેક નંબર ૧૦માં સફાઈ કામ કરી બેરેકની પાછળના ભાગે કચરો નાંખવા ગયા ત્યારે ખડમાંથી ડાબા પગની પેનીના ભાગે ઝેરી સાપ કરડી ગયો હતો.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન વી લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં દેશભક્તિના રંગે વોકેથોન યોજાઈ

અમરેલી,તા.૦૯




અમરેલીમાં આગામી ૧૫ ઓગસ્ટે યોજાનાર ૮૦મા રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે પ્રિ-ઈવેન્ટ એક્ટિવિટી અંતર્ગત ભવ્ય વોકેથોન યોજાઈ હતી. સરદાર પટેલ રમત સંકુલ ખાતેથી શરૂ થયેલી વોકેથોન ફોરવર્ડ સર્કલ, નાગનાથ મંદિર થઈ રાજકમલ ચોક સુધી પહોંચી હતી. જેમાં વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ, એનસીસી કેડેટ્સ, રમતવીરો, પોલીસ બેન્ડ અને નવયુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. વોકેથોન દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ સાથે રાષ્ટ્રચેતના અને સામાજિક જવાબદારીનો સંદેશ આપવામાં આવ્યો હતો. સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા, ઊર્જા બચાવવા અને સ્વચ્છતા જાળવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારી મહેશ નાકીયા, જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમ ફૂમકિયા સહિતના લોકો જોડાયા હતા.

# જાફરાબાદમાં સાયબર અવેરનેસ રેલી યોજાઈ

જાફરાબાદ તા. ૦૯




'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત નાગરિકોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ આવે તે હેતુથી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાફરાબાદ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અને જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે સાયબર અવેરનેસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. વિરલકુમાર શીલુના માર્ગદર્શન હેઠળ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રકલ્પ કો-ઓર્ડિનેટર પ્રો. સતિષ મેઘાણીના સંયોજનમાં તા. ૫ ઓગસ્ટના રોજ સવારે ૧૧થી બપોરે ૧૨ વાગ્યા સુધી રેલી યોજાઈ હતી. જેમાં કોલેજના ૩૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલી દરમિયાન જાફરાબાદ શહેરના વિવિધ વિસ્તારોમાં દુકાનદારો અને નાગરિકોને સાયબર ક્રાઈમથી સાવચેત રહેવા સમજાવવામાં આવ્યા હતા. મોબાઈલ ઓટીપી, શંકાસ્પદ લિંક તેમજ અન્ય માધ્યમથી થતા ઓનલાઈન ફ્રોડથી બચવા અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ પ્રસંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર દેસાઈએ સાયબર ગુનાઓ અંગે માર્ગદર્શન આપી સાવચેતી રાખવા અપીલ કરી હતી.

# અમરેલીમાં ૧૫મી ઓગસ્ટે મહિલા રાયફલ ડ્રીલ બનશે મુખ્ય આકર્ષણ

અમરેલી,તા.૦૯

અમરેલી ખાતે આગામી તા. ૧૫મી ઓગસ્ટના રોજ ૮૦મા રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આઝાદી માટે સર્વસ્વ કુરબાન કરનાર ક્રાંતિવીરોના બલિદાન અને રાષ્ટ્રભક્તિના વિચારોને કેન્દ્રમાં રાખીને યોજાનારા મુખ્ય ધ્વજવંદન



કાર્યક્રમમાં સશક્ત નારીશક્તિનો પરચમ જોવા મળશે. આ પ્રસંગે યોજાનારી મહિલા રાયફલ ડ્રીલ લોકો માટે મુખ્ય આકર્ષણ બનશે. મુખ્ય કાર્યક્રમને યાદગાર બનાવવા માટે અમરેલી ખાતે પોલીસ પરેડની વિવિધ ઈવેન્ટ્સની સઘન પ્રેક્ટિસ ચાલી રહી છે. મહિલા તાલીમાર્થીઓ દ્વારા રાયફલ ડ્રીલમાં વિવિધ ફોર્મેશન રજૂ કરવામાં આવશે. ગુજરાત પોલીસ તેમજ જેલ પોલીસની કુલ ૭૫ મહિલા તાલીમાર્થીઓ આ ડ્રીલમાં ભાગ લેશે. તાલીમાર્થીઓ દ્વારા રાયફલને હાથમાં ફેરવવા સહિતની જટિલ કસરતો, ગોળ સર્કલ બનાવી વિવિધ મુદ્રાઓ અને એકસાથે શિસ્તબધ્ધ રીતે વિવિધ કસરતોનું પ્રદર્શન કરવામાં આવશે. મહિલા પોલીસની તેજી, સ્ફૂર્તિ અને શિસ્તપૂર્ણ પ્રસ્તુતિ દેશભક્તોમાં ઉત્સાહની લાગણી જગાવશે.









# લાઠી તાલુકાના કાંચરડી ગામે પીવાના પાણીની બે ઊંચી ટાંકી મંજૂર

**બંને ટાંકીઓના નિર્માણ બાદ ગામમાં કુલ ૨.૫૦ લાખ લિટર પાણી સંગ્રહ ક્ષમતા ઉપલબ્ધ થશે**

લાઠી,તા.૦૯

લાઠી તાલુકાના કાંચરડી ગામમાં ગ્રામજનોને નિયમિત અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે હેતુસર બે ઊંચી પાણીની ટાંકીના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. બંને ટાંકીઓ માટે કુલ રૂ. ૫૬.૭૪ લાખની રકમ મંજૂર કરાઈ છે.ગામના પાદર વિસ્તારમાં ૧.૫૦ લાખ લિટર ક્ષમતાની ઊંચી પાણીની ટાંકી માટે રૂ. ૩૧.૪૨ લાખનો ખર્ચ મંજૂર થયો છે. જ્યારે સીદી હનુમાનજી મંદિર વિસ્તારમાં ૧ લાખ લિટર ક્ષમતાની ટાંકી માટે રૂ. ૨૫.૩૨ લાખની મંજૂરી આપવામાં આવી છે.



બંને ટાંકીઓના નિર્માણ બાદ ગામમાં કુલ ૨.૫૦ લાખ લિટર પાણી સંગ્રહ ક્ષમતા ઉપલબ્ધ થશે. કાંચરડી ગામમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સતત રજૂઆતો અને પ્રયત્નો કર્યા હતા.

લાઠી-બાબરા-દામનગર મતવિસ્તારમાં રસ્તા, પાણી, શિક્ષણ અને આરોગ્ય સહિતના વિકાસકામોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું B.A. Sem-6માં ૧૦૦% પરિણામ નિધી કાનાણી પ્રથમ

અમરેલી,તા.૦૯

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ-અમરેલીનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું B.A.(Eng.) સેમ.-VI યુનિવર્સિટી પરિણામ ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ આવ્યું છે.



આ પરીક્ષામાં કાનાણી નિધી એન. ૮૬.૦૦% સાથે કોલેજ ફર્સ્ટ, ગામી ખુશી કે. ૮૫.૨૭% સાથે કોલેજ સેકન્ડ અને પરમાર હેમલ એસ. ૮૩.૪૫% સાથે કોલેજ થર્ડ સ્થાન મેળવ્યું છે.

સંસ્થા દ્વારા ૧૦૦% પરિણામ મેળવવા બદલ સ્ટાફ, સ્ટુડન્ટ્સ અને રેન્કર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું B.A.(Eng.) સેમ.-VI યુનિવર્સિટી પરિણામ ૧૦૦% પરિણામ**

# સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડે નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૦૯



સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને શ્રી એ.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. દેશભક્તિની ભાવના અને વક્તૃત્વ કૌશલ્ય વિકસે તે હેતુથી યોજાયેલી સ્પર્ધામાં વિવિધ રાષ્ટ્રપ્રેમી વિષયો પર વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી. ધોરણ-૧૨ની વિદ્યાર્થિની મકવાણા કિંજલ રમેશભાઈએ 'મારો તિરંગો મારું અભિમાન' વિષય પર વક્તવ્ય આપી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આચાર્યા ઉષાબેન બી. તેરૈયાએ રાષ્ટ્રીય મૂલ્યો અને શિસ્ત અપનાવવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

# બગસરા તાલુકામાં ન્યુ એજીસ ખાતર પર સહાય યોજનાનો લાભ લેવા ખેડૂતોને અનુરોધ

બગસરા,તા.૦૯

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે કૃષિ સહાયક યોજનાઓ હેઠળ ન્યુ એજીસ ખાતર જેવા કે નેનો યુરીયા અને નેનો ડી.એ.પી. ની ખરીદી પર તમામ ખેડૂતો માટે વિશેષ સહાય યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને નેનો ખાતરમાં હેક્ટર દીઠ યુનિટ કોસ્ટ અથવા ખરીદ કિંમતના ૫૦ ટકા કે રૂપિયા ૭૫૦ની મર્યાદામાંથી જે ઓછું હોય તે મુજબ સહાય મળશે. આ લાભ એક ખાતા દીઠ વધુમાં વધુ ચાર હેક્ટરની મર્યાદામાં મળવાપાત્ર રહેશે અને યોજનાનો લાભ સંપૂર્ણપણે 'વહેલા તે પહેલા' ના ધોરણે આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક બગસરા તાલુકાના તમામ ખેડૂતોએ પોતાના ગામના ગ્રામસેવકનો સંપર્ક કરી નિયત થયેલ અધિકૃત વિતરક સંસ્થા 'શ્રી બગસરા ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી' અથવા 'એગ્રી બિઝનેસ સેન્ટર-૧ (શ્રીનાથજી એગ્રો)' ખાતે જઈને ખરીદી કરવાની રહેશે. ખેડૂતોએ પોતાની સાથે જમીનનું રેકોર્ડ ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ અને ગ્રામસેવકનો સહાય મેળવવા માટેનો દાખલો કે પ્રમાણપત્ર સાથે રજૂ કરવાનું રહેશે. આ યોજના અંગે વધુ માહિતી માટે ખેડૂતોએ તાલુકા કક્ષાએ ખેતીવાડી કચેરીના વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા ગ્રામસેવક (ખેતી) નો સંપર્ક કરવાનો રહેશે.

# સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં 'વેલકમ ડે' ની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલાની શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં નવપ્રવેશિત વિદ્યાર્થીનીઓ માટે 'વેલકમ ડે' યોજાયો હતો. ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા સહિત હોદ્દેદારો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શરણાઈના સૂર સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રેરણાદાયી વક્તવ્યો યોજાયા હતા. મહેશભાઈ કસવાળાએ નારી સશક્તિકરણનું મહત્વ સમજાવ્યું હતું. અંતે વિદ્યાર્થીનીઓને ઈનામો આપી આભારવિધિ કરાઈ હતી.

# જાફરાબાદમાં પરંપરાગત રીતે દરિયા પૂજન યોજાયું

અમરેલી,તા.૦૯

જાફરાબાદ ખાતે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી હેઠળ શનિવાર, તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દરિયા પૂજન કાર્યક્રમ યોજાયો હતો. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, જાફરાબાદ દ્વારા ટી-જેટી ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં પરંપરાગત રીતિ-રિવાજ અને ધાર્મિક ભાવના સાથે દરિયા દેવનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મત્સ્યખેડૂતો તેમજ દરિયાઈ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોના જીવનમાં સમૃધ્ધિ, સુરક્ષા અને શાંતિ જળવાઈ રહે તથા આગામી દિવસોમાં સુખાકારી અને પ્રગતિ વધે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.દરિયા પૂજનના કાર્યક્રમ દ્વારા અમરેલી જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારની પરંપરા અને સંસ્કૃતિ સાથે લોકોના દરિયા પ્રત્યેના આત્મીય સંબંધને ઉજાગર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મત્સ્યોદ્યોગ વિભાગના અધિકારી-કર્મચારીઓ તથા દરિયાઈ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.



# અમરેલીમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે અંતર્ગત વક્તૃત્વ, ચેસ અને કેરમ સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં રાજ્યકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે જિલ્લાની વિવિધ શાળાઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ, ચેસ અને કેરમ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ દેશભક્તિ, રાષ્ટ્રનિર્માણ અને દેશના વિકાસમાં યુવાનોની ભૂમિકા જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ચેસ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ એકાગ્રતા, તર્કશક્તિ અને નિર્ણયક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. જ્યારે કેરમ સ્પર્ધામાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ખેલદિલી અને સ્પર્ધાત્મક ભાવના દર્શાવી હતી.આ વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા અને બૌધ્ધિક ક્ષમતાના વિકાસને પ્રોત્સાહન મળ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે શાળા-કોલેજોમાં દેશભક્તિનું વાતાવરણ સર્જાયું હતું.






અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


# સાવરકુંડલાના બાઢડાની એચ. એન. વિરાણી હાઈસ્કૂલમાં 'નારી વંદના ઉત્સવ'ની ઉજવણી

સાવરકુંડલા તા. ૦૯

સાવરકુંડલા તાલુકાના બાઢડાની એચ. એન. વિરાણી હાઈસ્કૂલ ખાતે 'નારી વંદના ઉત્સવ' અંતર્ગત દ્વિ-દિવસીય વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તા. ૭ ઓગસ્ટે 'મહિલા કલ્યાણ દિવસ' નિમિત્તે મહિલા જાગૃતિ શિબિર યોજાઈ હતી. હેતલબેન રાવલે ધોરણ ૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓને વિવિધ પ્રવૃત્તિઓ તેમજ નારી સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તા. ૮ ઓગસ્ટે 'મહિલા અને બાળ આરોગ્ય દિવસ'ની ઉજવણી અંતર્ગત આરોગ્યવિષયક ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓની સુષુપ્ત પ્રતિભાને વાચા આપવા નિબંધ, વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. ટ્રસ્ટી કાળુભાઈ વિરાણી, આચાર્ય મધુરભાઈ બગડા તથા શિક્ષક પરિવારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.



# બગસરાના માણેકવાડા ગામેથી અમરેલીનો યુવક દારૂની બોટલ સાથે પકડાયો

અમરેલી, તા. ૦૯

બગસરાના માણેકવાડા ગામેથી અમરેલીનો એક યુવક દારૂની બોટલ સાથે પકડાયો હતો. યુવક બોલેરો ગાડી લઈને નીકળતા પોલીસે તેને અટકાવી તલાશી લેતાં તેની પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની એક બોટલ મળી આવી હતી. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૭ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


## :: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક જીવરાજભાઈ આંબાભાઈ કોટડીયાની કબજા ભોગવટાની માલીકીની અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લાઠી ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૧૭૭ પૈકી ૩ જેના કુલ હે.આરે. ૨-૦૩-૮૦ ચો.મી. માંથી હે.આરે. ૦-૬૫-૭૬ ચો.મી. વાળી જમીન વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૦૭(સાત) માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ:-
સોહીલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સ્ટેશન રોડ, સોમનાથ કોમ્પ્લેક્ષ પહેલો
માળ, નગરપાલીકા કચેરીની સામે,
મુ. લાઠી, તા.લાઠી, જી.અમરેલી
મો.નં. ૭૬૯૮૧ ૯૨૧૯૧

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
(જીવરાજભાઈ આંબાભાઈ કોટડીયા)


શું તમને સાંભળવાની તકલીફ છે ?



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય




અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# ધારી તાલુકાના દલખાણીયા ગામે વિશ્વ આદિવાસી દિવસની પરંપરાગત વેશભૂષા સાથે ઉત્સાહભેર ઉજવણી

ધારી,તા.૧૦



ધારી તાલુકાના દલખાણીયા ગામે આદિવાસી સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ તેમજ ગ્રામજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સમાજના સર્વાંગી વિકાસ માટે સૌને એકજૂટ થવા આહ્વાન કરી વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.કાર્યક્રમ દરમિયાન આદિવાસી સમાજની પરંપરા, સંસ્કૃતિ, લોકજીવન અને વારસાને જાળવી રાખવા અંગે સંદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સમાજના હક્કો, શિક્ષણ, રોજગાર અને વિકાસના મુદ્દાઓ અંગે ચર્ચા કરાઈ હતી, તેમજ પરંપરાગત વેશભૂષા, લોકગીતો અને નૃત્યો જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સમગ્ર આયોજન આનંદ અને ઉત્સાહના માહોલમાં સંપન્ન થયું હતું.

# લીલીયાના મોટા કણકોટમાં બસ સ્ટેન્ડથી કપીલપરા રોડ પર ભુવો પડતા અકસ્માતની ભીતિ

લીલીયા,તા.૦૯



લીલીયા તાલુકાના મોટા કણકોટ ખાતે બસ સ્ટેન્ડ (બાદર)થી કપીલપરા-દાડમાં (પુતળીયા) તરફ જતા મુખ્ય રોડ પર જબરદસ્ત ભુવો પડી ગયો છે, જેના કારણે અંધારામાં કે દિવસ દરમિયાન કોઈ મોટી જાનહાની કે અકસ્માત થવાની ગંભીર સંભાવના ઊભી થઈ છે. આ રોડ પરથી રોજેરોજ નાના-મોટા વાહનો, એસ.ટી. બસોની મોટા પ્રમાણમાં અવરજવર રહે છે. આ માર્ગ માલધારીઓ તથા સ્થાનિક ખેડૂતોને વાડીએ અને ખેતરોમાં જવા માટે જીવાદોરી સમાન છે. રોડ પર લાઈટોની કોઈ સુવિધા ન હોવાથી રાત્રિના સમયે અંધારપટ વચ્ચે અકસ્માતનો ભય વધુ રહે છે, જેથી આ ભુવાને તાત્કાલિક પૂરીને રસ્તાનું સમારકામ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# મારામારીમાં દીકરાને છોડાવવા આવેલી માતાને માથામાં કુહાડીનો ઘા ઝીંક્યો

રાજુલા, તા. ૦૯

રાજુલાના ચાંચબંદરમાં રહેતા મમતાબેન વિષ્ણુભાઈ ચૌહાણે (ઉ.વ.૪૨) લાલજી કાળુ ગુજરીયા, દીલુ લખમણ ગુજરીયા અને દિપકભાઈ લખમણભાઈ ગુજરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના ગામમાં જાન જોવા માટે ગયા હતા. તે સમયે તેમને જાણવા મળ્યું કે તેમના દીકરા જીગર તથા તેના મિત્રોને દાડમા વિસ્તારમાં મારામારી થઈ છે. જેથી તેઓ પોતાના દીકરાને છોડાવવા જતાં લાલજી ગુજરીયાએ માથામાં કુહાડીનો ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતા. ઉપરાંત અન્ય આરોપીઓએ તેના પુત્રને ઢીકાપાટુ માર્યા, જેમ ફાવે તેમ ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. વી. પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા-અમરેલી માર્ગની બિસ્માર હાલત અંગે મુખ્યમંત્રીને રજૂઆત

બાબરા,તા.૦૯

બાબરાથી અમરેલી સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા લાંબા સમયથી અત્યંત જર્જરિત અને જોખમી બનતાં વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

માર્ગ પરના મોટા ખાડા અને વારંવાર સર્જાતા અકસ્માતોને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. અગાઉ ૪૫ મિનિટમાં પૂરી થતી મુસાફરીમાં હવે દોઢ કલાક જેટલો સમય લાગે છે, જેનાથી વિદ્યાર્થીઓ, વેપારીઓ અને મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ



લાઠી–બાબરા યુથ કોંગ્રેસ પ્રમુખ

વિજયભાઈ ઝાપડીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે. તેમણે ૧૫મી ઓગસ્ટે અમરેલી મુલાકાત દરમિયાન આ માર્ગનું રૂબરૂ નિરીક્ષણ કરી ફોર-લેન કામગીરી ઝડપથી શરૂ કરવા માંગ કરી છે.

# જાફરાબાદના શિયાળબેટ ગામે જેટી પર બોટમાં પેસેન્જર ભરવા મુદ્દે માથાકૂટ

જાફરાબાદ, તા. ૦૯

જાફરાબાદના શિયાળબેટ ગામે જેટી પર બોટમાં પેસેન્જર ભરવા મુદ્દે માથાકૂટ થઈ હતી. આ અંગે ધનજીભાઈ ઢીસાભાઈ શિયાળએ બીજલભાઈ રવજીભાઈ બારૈયા, રમેશભાઈ ગીગાભાઈ બારૈયા, ધીરુભાઈ ગીગાભાઈ શિયાળ, ધર્મેશભાઈ સાર્દુળભાઈ શિયાળ તથા રામભાઈ નથુભાઈ શિયાળના પુત્ર સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમને થોડા દિવસ પહેલાં બોટમાં પેસેન્જર ભરવા બાબતે પીપાવાવ પોર્ટની જેટી પર બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખીને શિયાળબેટની જેટી પર તેમને જમીન પર પછાડી દઈ જમણા ખભે ઈજા પહોંચાડવામાં આવી હતી. ઉપરાંત તેમની બોટનું દોરડું જેટી તરફ ખેંચીને બાંધવાનો પ્રયત્ન કરાયો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. ચૌહાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદમાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

જાફરાબાદ,તા.૦૯

જાફરાબાદમાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસમાં ઉત્કૃષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કીટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વાલીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ જણાવ્યું હતું કે, ‘‘સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ ની સિધ્ધિને બિરદાવવી અને તેમને આગળના અભ્યાસ માટે પ્રોત્સાહન આપવું એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.’’ વાલીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે



તસવીર : બાબુ વાઢેળ

‘‘અમારા બાળકોની મહેનતને સમાજ દ્વારા સન્માન મળે તે અમારા માટે ગૌરવની વાત છે. આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે વધુ ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધે છે.’’

# સા.કુંડલાના જુના સાવર ખાતે હાઈસ્કૂલમાં આરોગ્ય મંત્રીએ શુભેચ્છા મુલાકાત કરી

સાવરકુંડલા,તા.૦૯



સાવરકુંડલાના જુના સાવર સ્થિત શ્રીમતી ટી. કે. પારેખ હાઈસ્કૂલ ખાતે મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ મુલાકાત લીધી હતી. શાળા પરિવાર દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આચાર્યશ્રી આશિષકુમાર જોશીએ શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. મહાનુભાવોએ વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ સાધી તેમને શિસ્ત, સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમ કેળવવા પ્રેરણા આપી હતી. આ મુલાકાતથી શાળા પરિવારમાં ભારે ઉત્સાહ છવાયો હતો.

# ચાંચ ગામે દીકરા સાથે માથાકૂટમાં ઠપકો આપતાં તલવાર, છરી સાથે આતંક મચાવ્યો

**ઘર પાસે પડેલા મોટર સાયકલમાં નુકસાન કર્યું**

રાજુલા, તા. ૦૯

રાજુલાના ચાંચ ગામે દીકરા સાથે માથાકૂટમાં ઠપકો આપતાં તલવાર, છરી સાથે આતંક મચાવ્યો હતો. ઉપરાંત ઘર પાસે પડેલાં ત્રણ મોટર સાયકલમાં નુકસાન કર્યું હતું. આ બનાવ અંગે લખમણભાઈ નાનજીભાઈ ગુજરીયા (ઉ.વ.૫૨) એ અજય બટુક ગુજરીયા, સંજય ભરત ગુજરીયા, વિજય ભરત ગુજરીયા, હાર્દિક હિમત શીયાળ સહિત ૧૦ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ તેમના દીકરા સાથે આરોપી અજય ગુજરીયાએ માથાકૂટ કરી હતી. જે અંગે તેના ઘરે જઈ ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું અને તમામ આરોપીઓ એકસંપ થઈ હાથમાં તલવાર, છરી, લોખંડના પાઈપ, લાકડી જેવા હથિયારો લઈ તેમના ઘરમાં ઘૂસી આવ્યા હતા. તેમણે ફરિયાદી તથા સાહેદો પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી, તેમજ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી ઘર પાસે પડેલી ત્રણ મોટર સાયકલમાં નુકસાન કર્યું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.વી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ બારસ, તેરસ
તા.૧૦-૦૮-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૪૭, સૂર્યાસ્ત-૦૭:૦૫, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ આર્દ્રા

## દૈનિક રાશિફળ

તા. ૧૦-૦૮-૨૦૨૬ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન:આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે.બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે. ક્રોધથી બચો.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન:આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિધ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# રાજુલાના નિંગાળા-૧ ગામે ‘તું હવે ફોન કે મેસેજ કરતો નહીં’ તેમ કહેતાં મૂંઢ માર માર્યો

રાજુલા, તા. ૦૯

રાજુલાના નિંગાળા-૧ ગામે "તું હવે ફોન કે મેસેજ કરતો નહીં" તેમ કહેતાં યુવકને મૂંઢ મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે ભોળાભાઈ રામભાઈ શીયાળ (ઉ.વ. ૪૫)એ લાલજીભાઈ બીજલભાઈ શીયાળ, બીજલભાઈ રામભાઈ શીયાળ, વિષ્ણુભાઈ તથા જયાબેન સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે ૧૫ દિવસ પહેલાં તેમની ભત્રીજીના ફોનમાં આરોપી લાલજીભાઈએ ફોન કર્યો હતો. જે બાબતે તેમણે લાલજીભાઈને "તું હવે ફોન કે કોઈ મેસેજ કરતો નહીં" તેમ કહ્યું હતું. જેનું મનદુઃખ રાખી આ ત્રણેય બાપ-દીકરાએ તથા જયાબેને શરીરે જેમ ફાવે તેમ મૂંઢમાર મારી ગાળો આપી હતી. બીજલભાઈએ કુહાડીનો એક ઘા માથાના જમણી બાજુ મારી છ ટાંકાની ઈજા કરી હતી. લાલજીભાઈએ તથા વિષ્ણુભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જે બાદ બીજલભાઈ રામભાઈ શીયાળ (ઉ.વ. ૪૮)એ ભોળાભાઈ રામભાઈ શીયાળ, ધનાભાઈ રામભાઈ શીયાળ, વિક્રમભાઈ ધિરૂભાઈ શીયાળ તથા રાકેશભાઈ ધીરૂભાઈ શીયાળ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે ૧૫ દિવસ પહેલાં ભોળાભાઈ શીયાળે તેમને વાત કરી હતી કે, તેમનો દીકરો લાલજી તેમની ભત્રીજીના ફોનમાં મેસેજ કે ફોન કરે છે, જેથી તેને સમજાવી દેશો.

જેથી તેમણે કહ્યું હતું કે "મારો દીકરો હશે તો ફોન નહીં કરે, હું સમજાવી દઈશ, હવે ફોન નહીં કરે." જે વાતનું મનદુઃખ રાખી લાલજીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. જેથી તેઓ ભોળાભાઈને સમજાવવા જતાં પાઈપનો એક ઘા માથાના ભાગે માર્યો હતો. તેમજ અન્ય આરોપીઓએ પણ તેમની પત્ની અને દીકરાઓને મૂંઢ માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. બી. ઝિંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી**

# ખોડીયાર ડેમમાં ડૂબી જવાથી છતડીયા ગામના યુવકનું મોત

ધારી, તા.૦૯

ખોડીયાર ડેમમાં ડૂબી જવાથી છતડીયા ગામના યુવકનું મોત થયું હતું. બનાવ અંગે ભરતભાઈ જેરામભાઈ બોડીલા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, મહેશભાઈ ભરતભાઈ બોડીલા (ઉ.વ.૨૧)નું કોઈપણ અગમ્ય કારણોસર ખોડીયાર ડેમના પાણીમાં પડી ડૂબી જવાથી મોત થયું હતું. ધારી પોલીસ સ્ટેશને આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# બગસરાના નવા વાઘણીયા ગામે ગળે ફાંસો ખાવાથી પરિણીતાનું મોત

બગસરા, તા.૦૯

બગસરાના નવા વાઘણીયા ગામે ગળે ફાંસો ખાવાથી પરિણીતાનું મોત થયું હતું. બનાવ અંગે હડાળા ગામે રહેતા લતાબેન ગોવિંદપરી ગોસ્વામી (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, ભૂમિબેન શૈલેષભાઈ બાજક નવા વાઘણીયા ગામે તેમના ઘરે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. સી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાંથી આધેડ ગુમ: ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા

સાવરકુંડલા, તા. ૦૯

સાવરકુંડલા શહેરમાંથી એક પુરુષ કોઈને કહ્યા વગર ઘરેથી ચાલી નીકળ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે શારદાબેન દિનેશભાઈ ટાંક (ઉં.વ. ૪૮)એ જાહેર કરેલી વિગત મુજબ, તેમના દિયર ભરતભાઈ હરિભાઈ ટાંક (ઉં.વ. ૫૧) પરિવારમાં કોઈને પણ જાણ કર્યા વિના ક્યાંક ચાલ્યા ગયા છે. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતિયા આગળની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**ધારીના ગઢીયા ગામની સીમનો બનાવ**

# તારે જ્યાં જવું હોય ત્યાં જા, તમારાથી કંઈ નહીં થાય કહી ધમકી આપી

**ગુપ્ત ભાગે પાટુ મારીને પાંચ ઝાપટો પણ મારી**

ધારી, તા. ૦૯

ધારીના ગઢીયા ગામની સીમમાં એક યુવકને ગુપ્ત ભાગે પાટુ મારીને પાંચ ઝાપટો મારી "તારે જ્યાં જવું હોય ત્યાં જા, તમારાથી કંઈ નહીં થાય" કહી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે વિરપુર ગામના કેશુભાઈ દેવાભાઈ દાફડા (ઉ.વ. ૪૫)એ ગઢીયા ગામના જીણાભાઈ માણાભાઈ વાંક અને કરણભાઈ જીણાભાઈ વાંક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તેઓ પોતાના ભાઈ માટે માવો લેવા જતા હતા, ત્યારે રસ્તામાં બંને આરોપીઓએ તેમને ઊભા રાખ્યા હતા. જીણાભાઈ વાંકે તેમના ગાલ પર ચાર-પાંચ ઝાપટો મારી હતી, જ્યારે કરણભાઈ વાંકે ગુપ્ત ભાગે પાટુ મારીને કહ્યું હતું કે, તારાથી થાય તે કરી લેજે અને તારે જ્યાં જવું હોય ત્યાં જજે.આ અંગે તેમણે પોતાના ઘરે વાત કરતા, કૌટુંબિક સભ્યો (સાક્ષીઓ) આરોપીઓને સમજાવવા ગયા હતા. ત્યારે બંને આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે ફરિયાદી તથા સાક્ષીઓને જેમ ફાવે તેમ ગાળો આપીને તારે જ્યાં જવું હોય ત્યાં જાઓ, તમારાથી કંઈ નહીં થાય. અહીંથી જતા રહો, નહીંતર જાનથી મારી નાખીશું એવી ધમકી આપી હતી.આ અંગે અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી. આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# લોકશાહીના ચોથા સ્તંભની કપરી કસોટી

લોકશાહીમાં વિધાનસભા, કાર્યપાલિકા અને ન્યાયતંત્ર જેટલું જ મહત્વનું સ્થાન મીડિયાનું છે. મીડિયા સત્તા અને સમાજ વચ્ચેનો સેતુ છે. તે સત્તાને સવાલ કરે છે, પ્રજાના પ્રશ્નોને અવાજ આપે છે, અન્યાયને ઉજાગર કરે છે અને જાહેર જીવનમાં જવાબદારીનું ભાન કરાવે છે. તેથી જ પત્રકારત્વને લોકશાહીનો ચોથો સ્તંભ કહેવામાં આવે છે. પરંતુ જે સંસ્થા બીજાની નૈતિકતા અને જવાબદારીની તપાસ કરે છે, તેની પોતાની નૈતિકતા પણ એટલી જ નિષ્કલંક હોવી જરૂરી છે. પત્રકાર પાસે કલમની તાકાત હોય છે, પરંતુ એ તાકાત સાથે જવાબદારી પણ જોડાયેલી હોય છે. જ્યારે પત્રકારત્વની દુનિયામાં જ સત્તા, પદ અને પ્રભાવનો દુરુપયોગ થાય ત્યારે નુકસાન માત્ર એક વ્યક્તિને થતું નથી, સમગ્ર મીડિયા જગતની વિશ્વસનીયતા સવાલોના ઘેરામાં આવી જાય છે.

ગોવામાં યોજાયેલા થિંક ફેસ્ટ દરમિયાન તહેલકામાં કામ કરતી એક યુવા મહિલા પત્રકારે તરૂણ તેજપાલ સામે જાતીય સતામણીના ગંભીર આક્ષેપો કર્યા હતા. ફરિયાદ અનુસાર હોટલની લિફ્ટમાં તેની સંમતિ વિના અયોગ્ય શારીરિક વર્તન કરવામાં આવ્યું હતું. આ ઘટના સામે આવ્યા પછી મામલો માત્ર એક વ્યક્તિ અને તેની સહકર્મચારી વચ્ચેનો વિવાદ રહ્યો નહોતો, પરંતુ કાર્યસ્થળે સત્તાના દુરુપયોગ, મહિલા સુરક્ષા અને મીડિયા સંસ્થાઓની આંતરિક જવાબદારી અંગે દેશવ્યાપી ચર્ચા શરૂ થઈ.

આ પ્રકરણમાં સૌથી ગંભીર પ્રશ્ન એ પણ હતો કે ફરિયાદ સામે સંસ્થા કેવી રીતે વર્તે છે. કોઈ પણ કાર્યસ્થળે ફરિયાદ કરનાર વ્યક્તિને સુરક્ષા, નિષ્પક્ષ તપાસ અને માનસિક સહારો મળવો જોઈએ. જો સંસ્થા પોતાની પ્રતિષ્ઠા બચાવવા માટે ફરિયાદને દબાવવાનો પ્રયાસ કરે અથવા આરોપી અને ફરિયાદી વચ્ચેની સત્તાની અસમાનતાને અવગણે, તો તે સંસ્થાની નૈતિકતા પર જ સવાલ ઊભો કરે છે.

તેજપાલે શરૂઆતમાં પોતાના વર્તનને અયોગ્ય ગણાવી માફી માગી હતી અને તંત્રીપદથી થોડા સમય માટે દૂર રહેવાની જાહેરાત કરી હતી. પરંતુ મામલો કાનૂની પ્રક્રિયામાં ગયો. ગોવા પોલીસે કાર્યવાહી કરી અને તેઓ જેલમાં રહ્યા બાદ જામીન પર બહાર આવ્યા. ત્યારબાદ વર્ષો સુધી કેસની કાનૂની પ્રક્રિયા ચાલી. ૨૦૨૧માં ગોવાની સેશન્સ કોર્ટે તેમને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા. જોકે આ ચુકાદાની કેટલીક ટિપ્પણીઓ સામે મહિલા સંગઠનો અને કાનૂની ક્ષેત્રના લોકોએ ગંભીર વાંધો વ્યક્ત કર્યો. ગોવા સરકારે પણ આ ચુકાદાને ઉચ્ચ અદાલતમાં પડકાર્યો.

સુપ્રીમ કોર્ટની કાર્યવાહી દરમિયાન પણ આ મુદ્દે કડક અવલોકનો સામે આવ્યા હતા. અદાલતે એવો સંકેત આપ્યો હતો કે ઘટનાને માત્ર 'અયોગ્ય વર્તન' તરીકે રજૂ કરીને તેની ગંભીરતા ઓછી કરી શકાય નહીં. અદાલતી પ્રક્રિયામાં જામીન જેવા કાનૂની મુદ્દાઓ પર માનવતાવાદી વિચારણા થઈ શકે, પરંતુ તેનાથી કથિત કૃત્યની નૈતિક ગંભીરતા ઓછી થતી નથી. વ્યક્તિને કાયદાકીય રાહત મળી શકે, પરંતુ જાહેર જીવનમાં તેની પ્રતિષ્ઠા પર પડેલો પ્રભાવ અલગ બાબત છે.

# બાંગ્લાદેશનું રૂપાંતર પૂર્વ પાકિસ્તાનમાં થઈ રહ્યું છે, ભારત માટે એક નવી ઉપાધિ



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

બાંગ્લાદેશમાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય અને સામાજિક પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોયે ભારતને ચેતવણી આપતાં જણાવ્યું છે કે બાંગ્લાદેશ ઝડપથી બીજા પાકિસ્તાન જેવી દિશા તરફ આગળ વધી રહ્યું છે. તેમના મતે જો દેશમાં વધતા કટ્ટરપંથી વલણને સમયસર ડામવામાં નહીં આવે, તો ભવિષ્યમાં બાંગ્લાદેશની ધરતી પરથી આતંકવાદી પ્રવૃત્તિઓ ભારત સામે ભય ઊભો કરી શકે છે. તેમણે આરોપ લગાવ્યો છે કે બાંગ્લાદેશમાં કટ્ટરપંથી સંગઠનોને વધુ મોકળું મેદાન મળી રહ્યું છે અને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈની સક્રિયતા વધી રહી છે. અલ-કાયદા સાથે જોડાયેલા તત્વોની બેઠકો અને ઉગ્રવાદી સંગઠનોના સમર્થનમાં યોજાતા કાર્યક્રમો અંગે પણ તેમણે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

આ આક્ષેપોની સત્યતા તપાસનો વિષય હોવા છતાં, બાંગ્લાદેશમાં રાજકીય અસહિષ્ણુતા અને હિંસાની ઘટનાઓ ચોક્કસપણે વધી રહી છે. રાજકીય કાર્યકરો, લઘુમતી સમુદાયો અને વિરોધી વિચારધારા ધરાવતા લોકો પર થઈ રહેલા હુમલાઓએ દેશની આંતરિક સુરક્ષા પર મોટા પ્રશ્નાર્થો સર્જ્યા છે. તાજેતરમાં પૂર્વ ક્રિકેટર શાકિબ અલ હસનના પૈતૃક ઘર પર થયેલો હુમલો દર્શાવે છે કે રાજકીય વિરોધ હવે સમાજના અન્ય ક્ષેત્રો સુધી પણ વ્યાપી રહ્યો છે. જુલાઈ ૨૦૨૪માં શરૂ થયેલા વિદ્યાર્થી આંદોલન બાદ ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ શેખ હસીનાએ પદ છોડવું પડ્યું હતું. ત્યારબાદ મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર રચાઈ હતી, પરંતુ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તથા લઘુમતીઓ અને ધાર્મિક સ્થાનોની સુરક્ષા કરવામાં તે નિષ્ફળ રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. બાંગ્લાદેશની આંતરિક રાજનીતિમાં ધર્મ આધારિત રાજકારણનો પ્રભાવ સતત વધી રહ્યો છે. અવામી લીગની ગેરહાજરી અને બીએનપી તથા જમાત-એ-ઈસ્લામી જેવા પક્ષોના પુનરુત્થાનથી દેશની રાજકીય દિશા બદલાઈ રહી છે. આ પરિસ્થિતિને માત્ર સરકાર બદલાવ તરીકે જોવી પૂરતી નથી, કારણ કે તેની અસર સમાજ, લઘુમતીઓ, અર્થતંત્ર અને વિદેશ નીતિ પર પણ પડી શકે છે.

ભારત માટે બાંગ્લાદેશ માત્ર એક પડોશી દેશ નથી, પરંતુ પૂર્વોત્તર રાજ્યોની સુરક્ષા, વેપાર અને કનેક્ટિવિટી માટે અત્યંત મહત્વપૂર્ણ ભાગીદાર છે. શેખ હસીનાના શાસન દરમિયાન બંને દેશો વચ્ચે મજબૂત સુરક્ષા સહયોગ રહ્યો હતો. હવે જો નવી રાજકીય વ્યવસ્થા પાકિસ્તાન તરફ ઝુકાવ ધરાવે અથવા કટ્ટરપંથી જૂથોનો પ્રભાવ વધે, તો ભારતની પૂર્વ સરહદ પર નવી વ્યૂહાત્મક અને સુરક્ષા ક્ષેત્રે ગંભીર સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

જોકે, બાંગ્લાદેશની પોતાની અલગ ઐતિહાસિક ઓળખ, ભાષા અને સંસ્કૃતિ છે, તેથી તેને સીધું પાકિસ્તાન સાથે સરખાવવું યોગ્ય નથી. ભારત માટે સૌથી શ્રેષ્ઠ નીતિ એ રહેશે કે તે બાંગ્લાદેશની આંતરિક બાબતોમાં સીધી દખલ કર્યા વિના પોતાની સરહદી સુરક્ષા, લઘુમતીઓનું હિત અને રાજદ્વારી સંબંધો મજબૂત બનાવે. પડોશી દેશમાં લોકશાહી અને સ્થિરતા જળવાઈ રહે તે ભારત અને સમગ્ર દક્ષિણ એશિયાના હિતમાં છે.

# સૌરાષ્ટ્રની તાકાત ગીરગાય, જાફરાબાદી ભેંસ, કાઠિયાવાડી અશ્વ હોવા છતાં રોજગારી ક્ષેત્રે કેમ સફળ નહી ?



સૌરાષ્ટ્રની ઓળખ માત્ર ગીરની ધરતી, દરિયાકાંઠો કે શૂરવીરોની ભૂમિ તરીકે તો છે જ પણ અહીંના ગામડાંની ઓળખ ખેતી અને પશુપાલન સાથે પણ એટલી જ ગાઢ રીતે જોડાયેલી છે. ગામડાના ફળિયામાં બાંધેલી ગાય-ભેંસ, સવારના દૂધ દોહવાના દ્રશ્યો અને ખેતરમાં કામ લાગતું પશુધન, આ બધું સૌરાષ્ટ્રના ગ્રામજીવનનો એક ભાગ રહ્યું છે. પણ અફસોસ કે પશુપાલન એ સૌરાષ્ટ્રની જનતા માટે રોજગારીનું કેન્દ્રના બની શક્યું અને ખેડૂતો તેમજ પશુપાલકો માટે નિરાશા જ રહી.

ગીર ગાય, જાફરાબાદી ભેંસ અને કાઠિયાવાડી અશ્વ જેવી જાતિઓ સૌરાષ્ટ્રને કુદરતે આપેલી અમૂલ્ય ભેટ છે. આપણા બાપદાદાએ વર્ષોની મહેનત અને અનુભવથી આ પશુધનની જાળવણી કરી છે. આજે સમય બદલાયો છે, જીવન જીવવાની રીત બદલાઈ છે અને ગામડાના યુવાનો રોજગારી માટે શહેરો તરફ જતા થયા છે. તેના કારણે પશુપાલનનો પરંપરાગત વ્યવસાય કેટલીક જગ્યાએ નબળો પડ્યો છે. પરંતુ પશુપાલનનો સમય ગયો નથી. જરૂર છે તો તેને નવી રીતે જોવાની. ગીર ગાયની વાત આવે ત્યારે સૌરાષ્ટ્રના માણસનું માથું ગર્વથી ઊંચું થાય તે સ્વાભાવિક છે. આપણી ગીર ગાયની કદર માત્ર ભારતમાં જ નહીં, વિદેશમાં પણ થઈ છે. બ્રાઝિલમાં ગીર પશુઓ પહોંચ્યા અને ત્યાંના પશુપાલકોએ તેની વિશેષતાઓને ઓળખી. વર્ષ ૧૯૬૦માં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ બ્રાઝિલના પશુપાલકને 'કૃષ્ણ' નામનો ગીર સાંઢ આપ્યો હતો. ત્યારબાદ બ્રાઝિલમાં ગીરના સંવર્ધનને વેગ મળ્યો. ગીર અને હોલસ્ટીનના સંકરણથી ગીરોલાન્ડો જેવી દૂધાળ જાતિનો વિકાસ થયો, જે ત્યાંના ડેરી ક્ષેત્રમાં મહત્વની બની.

આ ઈતિહાસ આપણને એક વાત શીખવે છે. આપણી પાસે જે હતું તેની કિંમત દુનિયાએ સમજી, તો આપણે પોતે તેની કિંમત કેટલી સમજી છે તે પણ વિચારવું જોઈએ. સૌરાષ્ટ્રમાં પશુપાલન માટે કુદરતી રીતે અનુકૂળ વાતાવરણ છે. ઘણી જગ્યાએ સારી અને ઉપજાઉ જમીન છે. ગીરનું જંગલ અને આસપાસના વિસ્તારોમાં ચરિયાણની પરંપરા રહી છે. જંગલ અને જંગલ આસપાસ રહેતા માલધારીઓ ને વન વિભાગ ત્રાસ આપવામાં કશું બાકી રાખ્યું નહીં એ પણ નોંધવું રહ્યું.પશુપાલનનો અનુભવ તો અહીંના ઘરના વડીલો પાસેથી જ શીખવા મળે છે. હવે પાણીની ઉપલબ્ધતામાં પણ મોટો ફેરફાર થવાની આશા છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી સૌની યોજના મારફતે સૌરાષ્ટ્રના અનેક જળાશયો સુધી નર્મદાનું પાણી પહોંચાડવાનું કામ થયું છે. પાણીની ઉપલબ્ધતા વધશે અને ખેતરમાં લીલો ચારો ઉગાડી શકાય, ઘાસચારો સાચવી શકાય અને ખેતીની સાથે પશુપાલનને પણ મજબૂત આધાર મળી શકે.

આ બાબતમાં ઉત્તર ગુજરાત પાસેથી ઘણું શીખવા જેવું છે. ત્યાં ઘણા ગામોમાં ખેતી જીવનનિર્વાહનું સાધન છે, જ્યારે પશુપાલન અને ડેરી ઘર ચલાવવાનો મુખ્ય વ્યવસાય બન્યા છે. કારણ પણ સીધું છે. ખેતીનો પાક તૈયાર થાય ત્યારે આવક મળે છે, જ્યારે પશુપાલનમાંથી દૂધ વેચીને રોજની આવક મેળવી શકાય છે.

ગામડાના પરિવાર માટે રોજની આવકનું મહત્વ શું છે તે ગામડામાં રહેનાર માણસ સારી રીતે સમજે છે. ઘરમાં કોઈ ખર્ચ આવ્યો તો દૂધની આવક કામ આવે છે. બાળકોનું ભણતર હોય, ઘરનો ખર્ચ હોય કે ખેતીમાં જરૂરિયાત ઊભી થાય, રોજ મળતી આવક મોટો સહારો બને છે.

દૂધ અને દૂધની બનાવટોની વાત કરીએ તો તેની જરૂરિયાત જીવન સાથે જોડાયેલી છે. દૂધ, દહીં, છાશ, ઘી, પનીર, માખણ, માવો જેવી વસ્તુઓનું બજાર હંમેશા રહેવાનું છે. ભાવમાં વધઘટ થઈ શકે, પરંતુ લોકોની જરૂરિયાત બંધ થવાની નથી.

અહીંથી સૌરાષ્ટ્રના પશુપાલક માટે નવી તક ઊભી થાય છે. માત્ર દૂધ મંડળીમાં દૂધ ભરાવીને અટકી જવાને બદલે ગામડામાં જ દૂધનું મૂલ્યવર્ધન થાય તો પશુપાલકની આવક વધી શકે. ઘી, દહીં, છાશ, પનીર જેવી વસ્તુઓનું સ્વચ્છ રીતે ઉત્પાદન, સારું પેકિંગ અને પોતાની ઓળખથી વેચાણ થાય તો દૂધની કિંમત કરતાં વધારે આવક મેળવી શકાય.

પશુમાંથી મળતું છાણ અને ગૌમૂત્ર પણ હવે પહેલાં જેવી રીતે માત્ર કચરો માનવાની જરૂર



**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

નથી. પ્રાકૃતિક ખેતી અને સજીવ ખેતી તરફ લોકોનો રસ વધ્યો છે. છાણમાંથી ખાતર, વર્મીકમ્પોસ્ટ અને ખેતીમાં ઉપયોગી વિવિધ ઉત્પાદનો બનાવી શકાય છે. ગૌમૂત્રમાંથી વિવિધ અર્ક, જીવામૃત અને ખેતીના પાકો માટે જંતુનાશક દવા તરીકે ઉપયોગ કરી શકાય છે

આ રીતે જોવામાં આવે તો પશુ માત્ર દૂધ આપતું પ્રાણી નથી. તે ખેતર સાથે જોડાયેલું આખું આર્થિક ચક્ર છે. ખેતરમાંથી ચારો મળે, પશુમાંથી દૂધ મળે, છાણ ખેતરમાં પાછું જાય અને દૂધમાંથી રોજની આવક થાય. આ વ્યવસ્થા આપણા ગામડામાં પહેલાંથી હતી. હવે તેને આધુનિક પધ્ધતિથી ફરી મજબૂત કરવાની જરૂર છે. સૌરાષ્ટ્રમાં જો યુવાનોને સારી જાતિના પશુ, પશુ આરોગ્ય, સારો ચારો, ડેરી પ્રોસેસિંગ, પશુ ખરીદવા માટે તેમજ તેને આનુસંગિક વ્યવસ્થાઓ ઊભી કરવા વન ટાઈમ સહાય આપવામાં આવે,બજાર વ્યવસ્થા અને ધંધાકીય તાલીમ મળે તો પશુપાલન ફરી ગામડાના યુવાનો માટે સારો વ્યવસાય બની શકે છે. સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ, ખેડૂત ઉત્પાદક સંગઠનો અને ખાનગી ક્ષેત્ર સાથે મળીને આ દિશામાં ઘણું કામ થઈ શકે છે. યુવા શક્તિએ રોજગારી માટેનું વ્યવસાયલક્ષી કેન્દ્ર પશુપાલન ને બનાવીને સૌથી સારી આવક આ ક્ષેત્રમાં મેળવી શકાય છે. આપણે ગીર ગાય, જાફરાબાદી ભેંસ અને કાઠિયાવાડી અશ્વને માત્ર જૂના સમયની નિશાની તરીકે જોવાના નથી. આ આપણી આવતીકાલની સંપત્તિ બની શકે છે.

સૌરાષ્ટ્રનો ખેડૂત મહેનતુ છે. જમીન છે, પશુધન છે, પાણીની આશા છે અને વર્ષોની પરંપરા છે. હવે આ બધાને એકસાથે જોડીને પશુપાલનને માત્ર સહાયક ધંધો નહીં, પરંતુ ગામડાની અર્થવ્યવસ્થાનો મજબૂત આધાર બનાવવાની જરૂર છે.

ખેતીથી ઋતુ પ્રમાણે આવક મળે છે, પશુપાલનથી રોજની આવક મળે છે અને બંને સાથે ચાલે તો ગામડાના ઘરમાં આર્થિક સ્થિરતા આવે છે. સૌરાષ્ટ્રે ગીર ગાય દુનિયાને આપી છે. હવે સમય આવ્યો છે કે આ ગીરની ધરતી પોતે પણ પોતાના પશુધનમાંથી સમૃધ્ધિ ઊભી કરે.

આપણા બાપદાદાનો પશુપાલનનો વારસો સાચવવો છે તો તેને નવી પેઢીના હાથમાં માત્ર દોરડું આપીને નહીં, પરંતુ જ્ઞાન, વિજ્ઞાન, બજાર અને વ્યવસાયની સમજ આપીને સોંપવો પડશે. સૌરાષ્ટ્રના ગામડાંમાં પશુપાલન ફરીથી મજબૂત યુવાનો થકી જ બની શકે અને જો બને તો રોજગારી આપતું કેન્દ્ર પશુપાલન જ બનશે અને ગામડાની અર્થવ્યવસ્થામાં નવી જાન આવશે.

# મૌનમાં દબાયેલો જવાબ અને શાંતિમાં છુપાયેલો અવાજ !



માણસને સમજવો હોય તો તેના શબ્દો સાંભળવા કરતાં ક્યારેક તેના મૌનને સાંભળવું પડે છે. કારણ કે શબ્દો તો માણસ પોતાની મરજી મુજબ બોલી શકે છે, પરંતુ મૌન ઘણી વખત તેની સાચી લાગણી કહી જાય છે. એક વ્યક્તિને કોઈએ પૂછ્યું, "તમે હવે પહેલાં જેટલું બોલતા કેમ નથી?" તે હળવું સ્મિત કરીને બોલ્યો, "પહેલાં મને લાગતું હતું કે મારી વાત સમજાવવા માટે શબ્દોની જરૂર છે. હવે સમજાયું છે કે જેને સમજવું હોય તેને મૌન પણ સમજાય છે અને જેને નથી સમજવું તેને હજારો શબ્દો પણ ઓછા પડે."

આ એક નાનકડો જવાબ છે, પરંતુ તેની પાછળ જીવનનો મોટો અનુભવ છુપાયેલો છે. આપણે સૌના જીવનમાં એવો સમય આવે છે જ્યારે આપણે ખૂબ બોલીએ છીએ, સમજાવીએ છીએ, મનાવીએ છીએ, પોતાની વાત સાચી સાબિત કરવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ સમયની સાથે અનુભવ શીખવે છે કે દરેક વાતનો જવાબ આપવો જરૂરી નથી અને દરેક વ્યક્તિને પોતાની નિર્દોષતા સાબિત કરવી પણ જરૂરી નથી.

કેટલાક જવાબો સમય આપે છે અને કેટલાક જવાબો મૌન આપે છે.મૌન એટલે નબળાઈ નહીં. ઘણી વખત મૌન એ પરિપક્વતાની નિશાની છે. જે વ્યક્તિ દરેક ટીકાનો જવાબ આપતી નથી, તેનો અર્થ એ નથી કે તેની પાસે જવાબ નથી. કદાચ તેને સમજાઈ ગયું છે કે કેટલીક ચર્ચાઓમાં જીતવા કરતાં પોતાની શાંતિ બચાવવી વધુ મહત્વની છે.

જીવનમાં કેટલાંક સંબંધો એવા હોય છે જ્યાં આપણે વારંવાર સમજાવીએ છીએ કે "મારી વાત એવી નહોતી", "મારો ઈરાદો એવો નહોતો", "તમે મને ખોટું સમજી રહ્યા છો..." પરંતુ સામેની વ્યક્તિ જો સમજવા તૈયાર જ ન હોય તો શબ્દો માત્ર થાક વધારશે. ત્યાં મૌન જ સૌથી સુંદર જવાબ બની જાય છે. પરંતુ મૌનને સમજવા માટે પણ એક અલગ પ્રકારની સંવેદનશીલતા જોઈએ.

કોઈ વ્યક્તિ અચાનક ઓછું બોલવા લાગે ત્યારે આપણે તરત જ કહી દઈએ છીએ "આ તો બદલાઈ ગયો!" પણ કદાચ તે બદલાયો નથી, તે અંદરથી થાકી ગયો છે. કોઈ હંમેશાં હસતો માણસ એક દિવસ શાંત થઈ જાય તો કદાચ તેના જીવનમાં કંઈક એવું બન્યું હશે જેને તે શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી.

કોઈ વ્યક્તિ બધાની વચ્ચે હોવા છતાં એકલો

**મનન ચિંતન**
**ભરત બાવીશી**



લાગે તો કદાચ તેને ભીડ નહીં, પરંતુ સમજણની જરૂર હોય. કોઈ વ્યક્તિ પોતાની સમસ્યા કહેતો નથી તો તેનો અર્થ એ નથી કે તેને સમસ્યા નથી. કદાચ તેને ડર હોય છે કે પોતાની વાત કહ્યા પછી લોકો તેને સમજવાને બદલે તેની ટીકા કરશે.

આપણે માણસના શબ્દો તો સાંભળીએ છીએ, પરંતુ તેની અનકહી વાત સાંભળવાનું ભૂલી ગયા છીએ. આજના સમયમાં ઘોંઘાટ ઘણો છે. મોબાઈલમાં સતત નોટિફિકેશન છે. સોશિયલ મીડિયામાં સતત સંદેશાઓ છે. દરેક વ્યક્તિ પોતાની વાત હેવા ઉતાવળમાં છે. પરંતુ આ બધાની વચ્ચે કોઈને શાંતિથી સાંભળવા માટે સમય બહુ ઓછો છે. આપણે જવાબ આપવા માટે સાંભળીએ છીએ, સમજવા માટે નહીં. સામેની વ્યક્તિ વાત પૂરી કરે તે પહેલાં જ આપણે પોતાનો જવાબ તૈયાર કરી દઈએ છીએ. પરિણામે સંવાદ તો થાય છે, પરંતુ સમજણ થતી નથી.

શાંતિમાં એક અલગ જ શક્તિ છે. ઘોંઘાટમાં બહારની દુનિયા સંભળાય છે, પરંતુ શાંતિમાં અંદરની દુનિયા સંભળાય છે. જ્યારે માણસ થોડો સમય પોતાની સાથે બેસે છે, ત્યારે તેને પોતાના જ મનના ઘણા એવા અવાજો સંભળાય છે જેને દુનિયાના ઘોંઘાટમાં તે વર્ષોથી અવગણતો આવ્યો હોય છે.ક્યારેક પોતાના અંતરમાંથી પ્રશ્ન આવે છે કે "હું ખરેખર ખુશ છું?" "હું જે કરી રહ્યો છું તે મારી ઈચ્છા છે કે લોકોની અપેક્ષા?" "જે સંબંધને હું સાચવી રહ્યો છું, તેમાં મને સાચે જ સુખ મળે છે?" "જે વાત માટે હું સતત લડી રહ્યો છું, તે ખરેખર એટલી મહત્વની છે?"

આ પ્રશ્નોના જવાબ બહાર ક્યાંય નથી મળતા. આ જવાબો માટે માણસે પોતાના અંતરમાં ઉતરવું પડે છે. અને એ માટે શાંતિ જોઈએ. પરંતુ એક વાત યાદ રાખવી જરૂરી છે કે મૌન એટલે લાગણીઓને કાયમ માટે દબાવી દેવી નહીં.

જ્યાં પ્રેમ હોય ત્યાં સંવાદ જરૂરી છે. જ્યાં સંબંધ હોય ત્યાં સ્પષ્ટતા જરૂરી છે. જ્યાં ગેરસમજ હોય ત્યાં વાતચીત જરૂરી છે.મૌન ત્યારે સુંદર છે જ્યારે તે અહંકાર નહીં પરંતુ સમજણમાંથી જન્મે અને શબ્દો ત્યારે સુંદર છે જ્યારે તે કોઈને હરાવવા નહીં પરંતુ કોઈને સમજવા માટે બોલાય. જીવનની પરિપક્વતા કદાચ એ જ છે કે ક્યારે બોલવું અને ક્યારે ચૂપ રહેવું તેની સમજણ આવી જાય.

બાળપણ આપણને બોલતા શીખવે છે, યુવાની આપણને પોતાની વાત સાબિત કરવાનું શીખવે છે અને અનુભવ આપણને શીખવે છે કે દરેક વાત સાબિત કરવાની જરૂર નથી. કેટલાક લોકોને આપણું મૌન સમજાશે. કેટલાકને નહીં સમજાય. પરંતુ જે આપણને ખરેખર ઓળખે છે તેને આપણા દરેક શબ્દની જરૂર પડતી નથી. તે આપણા ચહેરા પરથી પણ મનની વાત વાંચી શકે છે. એટલે જીવનમાં એવા લોકો શોધો જે તમારા શબ્દો જ નહીં, તમારી શાંતિ પણ સમજી શકે. એવા લોકો બહુ ઓછા હોય છે અને કદાચ એ જ લોકો આપણા જીવનની સાચી સંપત્તિ હોય છે. કારણ કે દુનિયા આપણને શું કહેવું તે શીખવે છે, પરંતુ જીવન આપણને ધીમે ધીમે શીખવે છે કે શું ન કહેવું. દુનિયા અવાજથી ભરેલી છે. દરેક પાસે પોતાનું કહેવાનું છે. પરંતુ જે વ્યક્તિ બીજાના મૌનમાં રહેલો સંદેશ વાંચી શકે છે, તે જ સાચા અર્થમાં સંવેદનશીલ છે.

કોઈની આંખોમાં ઉદાસી દેખાય ત્યારે "શું થયું?" પૂછવા કરતાં તેની પાસે થોડો સમય બેસી રહેવું ક્યારેક વધુ અસરકારક હોય છે. કોઈ વ્યક્તિ ચૂપ હોય ત્યારે તેને તરત સલાહ આપવાને બદલે તેને સાંભળવું ક્યારેક વધુ જરૂરી હોય છે. અને કોઈ વ્યક્તિ દૂર થતો લાગે ત્યારે તેને દોષ આપવાને બદલે એકવાર વિચારવું જોઈએ કે કદાચ આપણે જ તેને સમજવામાં ક્યાંક ઓછા પડ્યા હોઈએ.

માણસના શબ્દો સાંભળવા માટે કાન જોઈએ, પરંતુ માણસનું મૌન સાંભળવા માટે હૃદય જોઈએ.આપણે કાનથી સાંભળતા તો શીખ્યા છીએ, હવે હૃદયથી સાંભળવાનું શીખવું છે. કારણ કે મૌનમાં દબાયેલો જવાબ દરેકને સંભળાતો નથી,શાંતિમાં છુપાયેલો અવાજ દરેકને સંભળાતો નથી; પરંતુ જે વ્યક્તિને માણસ નહીં, માણસનું મન વાંચતા આવડે છે તેને શબ્દોની જરૂર જ પડતી નથી. ક્યારેક ચૂપ રહેનાર માણસ પાસે કહેવા માટે સૌથી વધુ હોય છે. ક્યારેક શાંત દેખાતી વ્યક્તિની અંદર સૌથી મોટું તોફાન હોય છે.અને ક્યારેક એક નાનું સ્મિત અનેક આંસુઓને છુપાવતું હોય છે.

આથી, કોઈના મૌનને નબળાઈ ન માનીએ. કોઈની શાંતિને ઉદાસીનતા ન માનીએ.અને કોઈના ઓછા શબ્દોને ઓછા ભાવ ન ગણીએ. કદાચ તેની અંદર એક આખી વાર્તા છે,ફક્ત તેને વાંચવા માટે થોડું મૌન અને થોડું હૃદય જોઈએ.

**"મૌનમાં દબાયેલો જવાબ અને શાંતિમાં છુપાયેલો અવાજ બહુ જ ઓછા લોકોને સંભળાય છે..."**

## :: તિખારો ::

ભૂલો સ્વીકારવાથી માણસ નાનો નથી બનતો પરંતુ સંબંધોમાં વિશ્વાસ અને વફાદારી ઊભા થાય છે. એટલે જ્યાં વિશ્વાસ જીવંત છે ત્યાં હજારો ભૂલો પણ માફ છે. બાકી એક નાની ગેરસમજ પણ ગમે તેવા સારા સંબંધોના વિનાશ માટે પૂરતી છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતિ કાર્યો



મગફળીઃ ● પાનનાં ટપકાં અને ગેરૂ રોગના નિયંત્રણ માટે ટેબુકોનાઝોલ ૧૦ મિ.લિ./૧૦લી. પાણીમાં નાખી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરો.

થ્રીપ્સ, સફેદ માખી અને તડતડીયા જીવાતોના નિયંત્રણ માટે ઈમિડાકલોપ્રીડ, ફીપ્રોનીલનો છંટકાવ ઉપદ્રવ જણાયતો લીંબોળીની મીજનો ભૂકો ૫૦૦ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના કે વર્ટીસીલીયમલેકાની નામની ફૂગના પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. આ જીવાતનો ઉપદ્રવ ક્ષમ્યર માત્રા કરતા વધારે હોય ત્યારે જંતુનાશક દવાઓ જેવીકે ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા કાર્બોસલ્ફાન ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા પ્રોફેનોફોસ ૪૦ ટકા + સાયપરમેથ્રીન ૪ ટકા ૧૦ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. અથવા થાયોમિથોક્ઝામ ૭૦ ડબલ્યુ.એસ ૩ ગ્રામ અથવા થાયમીથોસક્ઝામ + લમ્ડા સાયહેલોથ્રિન૨ ૨ ઝેડ. સી. ૨.૫ મિ.લી. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અને જરૂર જણાય તો ૧૦ થી ૧૨ દિવસ બાદ બીજો છંટકાવ કરવો.

**દિવેલા :**

● બીજને થાયરમ ૩ ગ્રામ અથવા બાવીસ્ટીન ૧ ગ્રામ પ્રતિ કિલો બીજ દીઠ ફુગનાશક દવાનોપટ આપ્યા પછી વાવણી કરવી.

● પાણી ભરાઈ રહેતું હોય તેવા ખેતરમાં દિવેલાનું વાવેતર ન કરવું.

● એરંડાના મૂળના સડા (મેક્રોફોમિના ફેઝોલિના) નું સંકલિત માટે વાવણી સમયે ૫૦૦ કિલો એફવાયએમ/હેક્ટરમાં એક અઠવાડિયા પહેલા ૫ કિલો ટ્રાઈકોડર્મા હર્ઝિયાનમ ૧% WP (ઓછામાં ઓછા 2 x 10 cfu/g) સમૃધ્ધ વાપરવા.

● દિવેલા પાકમાં હેકટર દિઠ વધુ આર્થિક વળતર મેળવવા માટે હેકટરે ૧૨૦-૫૦-૫૦(કિ.ગ્રા./ હે.) નાઈટ્રોજન તથા ફોસ્ફરસ અને પોટાશ આપવાની ભલામણ છે. મજુરોની અછતની પરીસ્થિતિ હોય તોજ નિંદામણનાશક દવા જેવી કે પેન્ડીમેથાલીન ૦.૯ કિ.ગ્રા. / હેક્ટર બીજની વાવણી બાદ પરંતુ બીજ અને નિંદણનાશકના સ્ફુરણ પહેલા (પ્રિ – ઈમરજન્સ) છંટકાવ કરવો તથા પાકની વાવણી બાદ ૩૦ દિવસે એક વખત આંતરખેડ તેમજ એક વખત હાથ વડે નિંદામણ કરવું.

● પિયત દિવેલા માટે હેક્ટર દીઠ ૧૨૦ કિલો નાઈટ્રોજન ત્રણ સરખા હપ્તામાં (પાયામાં, ૪૦ દિવસે અને ૮૦ દિવસે),૩૭.૫. કિલો ફોસ્ફરસ તેમજ ૨૦ કિલો પોટાશ તેમજ જમીનમાં સલ્ફરની ઉણપ હોય તો જમીનમાં આપવું.

**માઈકોરાઈઝા** :- (માયકો – ફુગ રાઈઝા-મૂળ)

● કેટલીક ફુગ અને મોટા છોડના મૂળના પરસ્પરના ઉપયોગી જોડાણને માઈકોરાઈઝા કહે છે. આ જોડાણમાં ફુગ, મોટા છોડના મૂળમાંથી સેન્દ્રીય ખોરાક મેળવે છે. તેના બદલામાં ફુગ કેટલાંક અગત્યના પોષકતત્વો જેવાં કે ફુગ, ફોસ્ફરસ, કેલ્શીયમ, મેગ્નેશીયમ, ઝીંક, કોપર, મેન્ગેનીઝ અને આયર્ન છોડના મૂળને પુરા પાડે છે.

**કપાસ :**

● બીટી કપાસમાં બે વરસાદ વચ્ચે ગાળો પડે ત્યારે ૪ ટકા ઓલીનના દ્રાવણનો છંટકાવ કરવો.

● સફેદ માંખીના નિયંત્રણ માટે ડાયફેન્થ્યુરોન ૧૦ ગ્રામઅથવા એસીફેટ ૧૦ મિલિ માંથીકોઈ એક દવાનો છંટકાવ કરી શકાય. સુચીયા પ્રકારની જીવાતો માટે મગફળીમાં દર્શાવ્યા મુજબ છંટકાવ કરવો.

● મૂળખાઈ મૂળનો સડોના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ કોપર એક્સીકલોરાઈડ ૨૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી સૂકાતાં છોડની આજુબાજુ જમીનમાં મૂળ વિસ્તારમાં આપવું.

● વાવણી પછી ૩૦ દિવસે ૫૪ કિલો યુરીયા અથવા ૧૨૫ કિલો એમોનિયમ સલ્ફેટ આપવું.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**ફેરોમેન ટ્રેપ ગોઠવી જીવાતની મોજણી કરવીઃ**

૧. કપાસમાં કાબરી, લીલી, ગુલાબી અને લશ્કરી ઈયળ માટેનાં ફેરોમોન ટ્રેપમળે છે. ફેરોમોન ટ્રેપમાં ઉપરોકત જીવાતનાં નર ફૂદાં આકર્ષાઈને આવે છે જેથી જીવાતના નિયંત્રણનાં પગલા લેવામાં અનુકૂળતા રહે છે.

૨. લીલી, ગુલાબી, કાબરી અને લશ્કરી ઈયળોના નર ફૂદાના સામુહિક એકત્રીકરણ માટે વીઘા દીઠ ૫ થી ૬ ફેરોમોન ટ્રેપ ગોઠવવા અને લ્યુવર દર ૩૦ દિવસે બદલવી જોઈએ.

૩. ફેરોમોન ટ્રેપ કપાસની ટોચથી ૧-૧.૫ ફૂટ ઉંચાઈએ રાખવા

**મગફળી, કપાસ, દિવેલા : ઉધઈ**

● ઊભા પાકમાં ઉધઈના ઉપદ્રવ વખતે ફિપ્રોનીલ ૫ એસસી ૧.૬ લીટર અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૧.૫ લીટર ૧૦૦ કિ.ગ્રા. રેતી સાથે બરાબર ભેળવી એક હેક્ટર વિસ્તારમાં પુંખવી. વરસાદના પાણી સાથે તે જમીનમાં ભળી જશે. પરંતુ જો વરસાદ ખેંચાય તો હળવુ પિયત આપવુંઅથવા આ કીટનાશક મુખ્ય ઢાળીયામાં ટીપે – ટીપે પિયત સાથે આપવી.

**સોયાબીનઃ**

● મોલોનાં નિયંત્રણ માટે મિથાઈલઓડીમેટોન ૧૦ મિલિ ૧૦ લીટર પાણીમાં નાંખી છંટકાવ કરો.

**ડાંગરઃ**

● ગુજરાતમાં ડાંગરની ખેતી કરતા ખેડૂતોને કરમોડી રોગના અસરકારક વ્યવસ્થાપન માટે ફુગનાશકોના તૈયાર મિશ્રણ, પ્રોપીકોનાઝોલ ૧૦.૭% + ટ્રાયસાયકલાઝોલ ૩૪.૨% એસઈ, ૦.૦૪૫%, ૧૦ મિ.લી. / ૧૦ લીટર પાણી (છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૪૬ દિવસ) અથવા ટેબુકોનાઝોલ ૫૦% + ટ્રાઈફલોકિસસ્ટ્રોબિન ૨૫% ડબ્લ્યુજી, ૦.૦૩૦%, ૪ ગ્રામ / ૧૦ લીટર પાણી (છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસ)ના બે છંટકાવ, પ્રથમ રોગ જોવા મળે ત્યારે અને બીજો છંટકાવ તેના ૧૫ દિવસ બાદ કરવાની ભલામણ કરવામાં આવે છે.

● ડાંગરનાં સુકરાનાં નિયંત્રણ માટે ૨૦ લીટર પાણીમાં ૧ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકલીનક ૧૦ ગ્રામ કપોર ઓકઝીકલોરાઈડ મિશ્ર કરી છંટકાવ કરવો.

**જુવારઃ**

● જુવારને ઓગષ્ટ કે તે પછીની વાવણીમાં બીજને દિવેલનો પટ્ટ આપ્પા બાદ થાયોમીથોકઝામ ૩ ગ્રામ / કિલો આપી તુરંત વાવેતર કરો.

**મગ,મઠ,અડદ, ગુવાર અને ચોળી :**

● સફેદમાખીનાં નિયંત્રણ માટે એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ.નો છંટકાવ કરવો.

મગ, મઠ, અડદ, ગુવાર, સોયાબીન અને ચોળી : સફેદમાખી અને ફલી બીટલ

**સફેદમાખીઃ**

● ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ ટકા અર્ક) અથવા બ્યુવેરીયા બેસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● વધુ ઉપદ્રવ વખતે એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લી. અથવા સ્પાયરોમેસીફોન ૨૪૦ એસસી ૮ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**શાકભાજી પાકો :**

● મલ્ટીમાઈક્રોન્યુટ્રીયન્ટ ગ્રેડ-૪ નાં ૧ ટકાના દ્રાવણનો ૪૦,૬૦,૭૫ અને ૯૦ દિવસે છંટકાવ કરવો.

**બાગાયત :**

● પુખ્ત વયના ફળપાકોને ૧.૫ મીટરના ઘેરાવામાં ૩૦ સેન્ટીમીટર પહોળી અને૧૫ સેન્ટીમીટર ઊંડી ચર બનાવી ચરમાં ભલામણ મુજબ ખાતરો આપવા. સામાન્ય રીતે લોહ, જસત, મેંગેનીઝ તથા બોરોનની ઉણપવાળા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખાસ કરીને લીંબુ અને જામફળમાં આ ઉણપ વધુ જોવા મળે છે.

● જે માટે ઝાડ પર વર્ષમાં એકથી બેવાર નવા પાન નીકળતા હોયત્યારે લોહ, મેંગેનીઝ, જસત, બોરોનનો છંટકાવ કરવો હિતાવહ છે. ખાતર અંગેની તમામ બાબતોનો રેકર્ડ નિભાવવો.

**દાડમઃ**

● દાડમની રૂબી, મૃદુલા, ગણેશ, ભગવા જાતનું વાવેતર કરો.

● સુક્ષ્મ તત્વોની ઉણપથી તેની ગુણવત્તાજાળવણી વગેરે ઉપર અસર થાય છે, કદ, સ્વાદ, પરિપક્વતા, રોગ પ્રતિકારક શક્તિ,.

● ખેતિમાં જીવામૃત, બીજામૃત, પંચગવ્ય વગેરેનો પાકની સ્થિતિને ધ્યાને રાખી ઉપયોગ કરો

**નાળીયેરી :**

● ખરી પડતા અટકાવવા પાનક્થીરી જીવાતનું નિયંત્રણ કરવું પડે તે માટે લીમડા આધારિત દવાનું મૂળ શોષણ પધ્ધતિ દ્વારા ૨ માસ અંતરે ૨ કે ૩ વાર આપવું.

● નાળિયેરમાં એરિયોફાયડ માઈટ (Aceria guerreronis Keifer) ના નિયંત્રણ માટે એટોક્સાઝોલ (etoxazole) ૧૦ EC 0.0૧% (૧૦ મિલી/૧૦ લિટર પાણી) અથવા એબામેક્ટીન (abamectin) ૧.૯ EC 0.00૨૫% (૧૨.૫ મિલી/૧૦ લિટર પાણી) નો ચાર વાર છંટકાવ કરવા જેમાં પ્રથમ છંટકાવ નવેમ્બરની શરૂઆતમાં અને ત્યારબાદના ત્રણ છંટકાવ પ્રથમ છંટકાવના બે મહિનાના અંતરે કરવામાં આવ્યા હતા

**લીંબુઃ**

● લીંબુના કોરિયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમીડાકલોરાપ્રાઈડ ૪ મિલી / ૧૦ લી. પાણીમાં નાખી છંટકાવ કરવો.

● થડને પાણીનો સીધો સંપર્ક ન થાય તે માટેબોર્ડોપેસ્ટ થડને ફરતે લગાવો.

**પપૈયાઃ**

● ગુજરાતમાં પપૈયાના રોપા તૈયાર કરવા જૂન મહિનાના અઠવાડિયા દરમિયાન વાવણી કરતા પહેલા, બીજને ૨૪ કલાક પાણીમાં પલાળી રાખવા અને ત્યારબાદ હળવા હાથે ઘસીને 'સારકોટેસ્ટા'(પાતળું પારદર્શક પડ) દૂર કરવું, જેથી બીજનું અંકુરણ અને રોપાના જીવંત રહેવાનું પ્રમાણ વધુ મળે

● પપૈયામાં કોહવારોના નિયંત્રણ માટે થડ ફરતેબોર્ડોપેસ્ટ લગાવો વધુમાં કોપર ઓકઝીકલોરાઈડના દ્રાવણનું ડ્રેન્ચિંગકરવું.

● પપૈયાના ધરૂ માટે પોલીકમશેડ નેટ હાઉસમાં ઉછેર કરવો.

● પાનનો કોકડવા / પચરંગીયો / રીંગ સ્પોટ વાયરસનાં નિયંત્રણ માટે માટે લીમડાનું તેલ અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ ઉમરી છંટકાવ કરવાથીરોગને કાબૂમાં લઈ શકાય છે.

**સીતાફળ :**

● મેલીબગ, મેકોનેલિકોકસ હિરસુટસ ગ્રીન કસ્ટર્ડ એપલનો ઉપદ્રવ કરનાર જીવાતનું નિયંત્રણ માટે બે છંટકાવ ફેનોબુકાર્બ ૫૦ ઈસી, 0.૧% (૨૦ મિલી/૧૦ લિટર પાણી) અથવા બ્યુવેરિયાનો પહેલો છંટકાવ બેસિયાના ૧.૧૫ ડબલ્યુપી (૬૦ ગ્રામ/૧૦ લિટર પાણી) ત્યારબાદ ફેનોબુકાર્બ ૫૦ ઈસી, 0.૧% (૨૦ મિલી/૧૦ લિટર પાણી) બીજો છંટકાવ, જીવાતના ઉપદ્રવની શરૂઆતમાં અને બીજો છંટકાવ પહેલા છંટકાવ પછી ૧૫ દિવસ પછી કરવો.

# કૃષિમાં સ્માર્ટફોન અને ટેકનોલોજીનો ઉપયોગ



ગુજરાત એ કૃષિ પ્રધાન રાજ્ય છે. આજના આ ડીજીટલ યુગમાં ખેડૂતોને કૃષિની અદ્યતન માહિતી મળી રહે તે માટે મોબાઈલનો ઉપયોગી એપ્સની ખુબ જરૂરિયાત છે. ખેડૂતોને કૃષિની અદ્યતન માહિતી મળી રહે તે માટે સરકાર દ્વારા સમયાંતરે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ટચ સ્કિન કિઓસ્ક, કૃષિ ક્લિનિક્સ ખાનગી કિઓસ્ક, માસ મીડિયા, સામાન્ય સેવા કેન્દ્રો, કિસાન કોલ કેન્દ્રો, સ્માર્ટ ફોન યોજનાના વગેરે કૃષિ વિસ્તરણ પ્રવૃત્તિઓ સેવાઓ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ છે. જો કે, મોબાલ ટેલિફોની એ કૃષિ વિસ્તરણ માટે સૌથી અસરકારક અને સર્વવ્યાપી સાધન છે. મોબાઈલ એપ વિશેની એક શ્રેષ્ઠ બાબત એ છે કે તમે દિવસના કોઈપણ સમયે તમારી અનુકૂળતા મુજબ તેનો ઉપયોગ કરી શકો છો.

એપ્સની મદદથી સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ થશે. તેમણે કહ્યું કે અમારો ઉદ્દેશ્ય ખેડૂતોને તેમના ખેતરની જમીનના આધારે કઈ ખેતી પધ્ધતિ અપનાવવી, કયા પ્રકારના રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવો અથવા જંતુનાશક દવાઓનો ઉપયોગ ક્યારે કરવો તે જણાવવાનો છે. આ સિવાય ખરાબ હવામાનમાં શું તૈયારી કરવી. આ તમામ માહિતી આપણા બાગાયતકારોને સફરજનની ઉપજ વધારવામાં મદદ કરશે, સાથે સાથે સૌથી મહત્વની રીતે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરશે.


**એગ્રી મીડિયા એપ્સ :** આ વિડીયો અપ્સમાં ખેડૂતોને કોઈ પણ જરૂરિયાત મુજબ કોઈપણ પાકની માહિતી વિડીયો સ્વરૂપે મેળવી શકાય છે એના સાથે ખેતી માં આવતી મુસ્કેલીયો, વાતાવરણ વગેરે માહિતી ઉપલબ્ધ છે .

**કિશાન સુવિધા એપ્સઃ** આ એપ્સને કેન્દ્ર સરકાર દ્વવ સંચાલિત કરવામાં આવે છે આમાં સ્થાનિક હવામાન અને આગામી સપ્તાહની આગાહીઓ, નજીકના ગામડાઓમાં પાક અને કૃષિ પેદાશોના બજાર ભાવ, ખાતર, બિયારણ, મશીનની સમજ અને વધુની વિગતો આપે છે. ઘણી ભાષાઓમાં અપ્સને વ્યાપક ઓડખ ના કારણે તેને સૂચિમાં પમ્પ કરે છે.

**ઇફકો કિસાન એગ્રી એપ્સઃ**આ મોબાઈલ એપનો ઉપયોગ કરીને ખેડૂતો માત્ર સારી આવક જ નહીં મેળવી શકશે, પરંતુ ઈકો ફ્રેન્ડલી ખેતી કરીને જમીનને સ્વસ્થ પણ બનાવી શકશે.ખેડૂતો આધુનિક ખેતી શીખી શકે અને તેનો લાભ લઈ શકે તે માટે મોબાઈલને સેટેલાઈટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે પણ જોડવામાં આવ્યું છે.આ મોબાઈલ એપ સાથે કનેક્ટ કરીને ખેડૂતો તેમની સમસ્યાઓ કૃષિ વૈજ્ઞાનિકો સાથે શેર કરી શકે છે અને તેનું નિરાકરણ લાવી શકે છે.તેના દ્વારા ખેડૂતોને વિવિધ પાકોના બજાર ભાવની અને હવામાન આધારિત ખેતી સંબંધિત માહિતી પૂરી પાડવામાં આવે છે.આ માહિતીમાં કૃષિ પર આબોહવાની અસર, સ્માર્ટ એગ્રીકલ્ચર વર્ક, પોષણ વ્યવસ્થાપન, યોગ્ય ટેકનોલોજીનો ઉપયોગ અને યાંત્રીકરણ તેમજ નવી કૃષિ પદ્ધતિઓ વિશેની માહિતી પણ ઉપલબ્ધ છે. (ક્રમશઃ)

ડો. આર. કે. કલારિયા
અને ડો વિપુલકુમાર સી ગઢીયા
૧. અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈનસ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫૦૦૭
૨. એગ્રીકલ્ચર કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોટા ભંડારીયા, અમરેલી

# ચોમાસું વેલાવાળા શાકભાજીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ



રટુનઃ એક્વાર પરવળ અને ટીંડોળાની રોપણી કર્યા બાદ સળંગ ૩ થી ૪ વર્ષ (બડઘા પાક) સુધી આર્થિક રીતે ઉત્પાદન મેળવી શકાય છે. પ્રથમ વર્ષથી ચોથા વર્ષ સુધી ઉત્પાદન વધતું જોવા મળે છે. પરંતુ ચોથા વર્ષ બાદ ઉત્પાદન ઘટતું નોંધાયેલ છે.

ડૉ.રાકેશ.એસ.પરમાર, શ્રી અર્પિત.પી. ભુરીયા,
ડૉ.ધવલ.એન.પડાળીયા અને
ડૉ. આશિષ જી વાળા ૧. આચાર્ય.
૨ & ૩. મદદનીસ પ્રાધ્યાપક પોલીટેકનિક ઇન એગ્રીકલચર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, ધારી
૪. મદદનીસ પ્રાધ્યાપક કૃષિ મહાવિદ્યાલય, વિભાગ બાયો ટેક.જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

**વીણી/ગ્રેડીંગઃ** વેલાવાળા શાકભાજી પાકોમાં વાવણી બાદ ફળોની પ્રથમ વિણી બે થી અઢી માસે આવે છે. તંદુરસ્ત અને મધ્યમ કદના બજારની માંગ અનુસાર યોગ્ય અવસ્થાએ સવારના અથવા સાંજના સમયે વિણી કરવી જોઈએ અને ઉતારેલા ફળોને સીધા સૂર્યતાપમાં ન રહે તેની કાળજી રાખવી જોઈએ.આમ વિણી નિયમિત રીતે ત્રણ થી ચાર દિવસના અંતરે કરતા રહેવું. વિણી કર્યા બાદ રોગ અને જીવાતથી નુકસાન પામેલ, રંગ ફીકો પડી થયેલ હોય, અનિયમિત આકારના ફળો જુદા તારવી, ફળોના કદ, રંગ અને આકારને બજારની માંગને અનુરૂપ ગ્રેડિંગ કરી કાપડ કે પછેડીમાં દબાણ ન આવે તેમ બજારમાં મોકલવાથી અર્થક્ષમ બજારભાવ મળી રહે છે. વેલાવાળા શાકભાજી પાકોમાં કુલ ૧૫ થી ૨૦ વિણી સિઝન દરમ્યાન મળે છે

**પાકની માવજતઃ** વેલાવાળા શાકભાજીને મંડપ પધ્ધતિથી વેલા ઉપર ચઢાવી વાવેતર કરવું જોઈએ જેથી વધુ ઉત્પાદન તેમજ સારી ગુણવત્તાવાળા ફળો મળે છે, ફળો સડી જતા અટકે છે, રોગ જીવાતનો ઉપદ્રવ ઘટે છે તેમજ પિયત, દવા, છંટકાવ, આંતરખેડ, નિંદામણ અને વીણી જેવી કામગીરીમાં ઘણી જ અનુકુળતા રહે છે. દૂધી જેવા પાકમાં પીન્ચીંગ એટલે કે જયાર વેલા ૨ થી ૩ ફુટના થાય ત્યારે અગ્ર ડુંખને કાંપી નાંખવી જોઈએ જેથી બાજુઓમાં પ્રશાખાઓ ફુટે છે અને નર પુષ્પોની સંખ્યા ઘટી માદા પુષ્પોની સંખ્યામાં વધારો થાય છે. વેલાવાળા પાકોમાં ભલામણ મુજબ વૃધ્ધિ નિયંત્રકોનો ઉપયોગ કરવો જોઈએ જેથી નર પુષ્પોની સંખ્યા ઘટાડી માદા પુષ્પોની સંખ્યામાં વધારો કરી શકાય છે.ચોમાસુ શાકભાજીમાં દવા છંટકાવ વખતે વિશેષ કાળજી રાખવી જોઈએ. એટલે કે દવાનો છટકાવ વહેલી સવારના કે સાંજના સમયે જયારે વરસાદ બંધ હોય ત્યારે કરવો જોઈએ. તેમજ છંટકાવ બાદ તુરત જ વરસાદ થાય તો ફરીથી દવાનો છંટકાવ કરવો જોઈએ. તેમજ ફળ કે શીંગો ઉતારી લીધા બાદ જ દવાનો છંટકાવ કરવો પાકની ફુલ અવસ્થા સુધી ઝેરની લાંબો સમય સ્થાઈ અસર ધરાવતી દવાઓ જેવી કે, મોનોક્રોટોફોસ કે રોગર જેવી દવાઓનો છંટકાવ કરવો જોઈએ. પરંતુ ફુલ આવ્યા બાદ ઝેરની ટુંક સમયની સ્થાઈ અસર ધરાવતી દવાઓ જેવી કે મેલાથીઓન, ડાયકલોરોવોશ કે ફોઝેલોન જેવી દવાઓનો છટકાવ કરવો જોઈએ અથવા બાયોકન્ટ્રોલ કે સંકલિત જીવાત નિયંત્રણના પગલાં લેવા જોઈએ.કંકોડાના પાકમાં નર-માદાના છોડ અલગ હોવાથી નર-માદાનો રેશિયો ૧:૯ નો રાખવો જોઈએ જેથી ઉત્પાદન સારૂ મળી શકે. શકય હોય તો જીવાતોના નિયંત્રણ માટે પ્રકાશ પિંજર કે મિથાઈલ યુજીનોલ ફેરોમેનટ્રેપનો ઉપયોગ કરવો.

**રોગ નિયંત્રણની ભલામણોઃ-**

દુધીના પાકમાં આવતા ભુકીછારાના રોગના નિયંત્રણ માટે વેટેબલ સલ્ફર ૫ ગ્રામ અથવા ડીનો કેપ : મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.દુધીના પાકમાં આવતા રૂટનોટ રોગના નિયંત્રણ માટે પ્રેસમડ ૧૦ ટન/હે. અથવા પોલ્ટીમેન્યોર (મરઘાનું ખાતર) ટન/હે વાવેતર પહેલા એક અઠવાડીયાએ આપવાથી ભલામણ છે.દુધીના પાકમાં આવતા પાનના ટપકાના રોગના અસરકારક નિયંત્રણ માટે કાર્બન્ડાઝીમ અથવા થાયોફેનેટ મિથાઈલ ૫ ગ્રામ અથવા મેન્કોઝેબ ૨૬ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવી ત્રણ છટકાવ ૧૫ દિવસના અંતરે કરવા જોઈએ.તુરીયાના પાકમાં આવતા તળછારા રોગના અસરકારક નિયંત્રણ માટે મેન્કોઝેબ અથવા કેપ્ટાફોલ ૨૬ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે ત્રણ છટકાવ કરવા જોઈએ.

મંડપ પધ્ધતિથી ઉગાડુલ તુરીયાના પાકમાં આવતા તળછારા રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે તુરીયાના બીજને મેટાલેકઝીલ અને મેન્કોઝેબ ૪ ગ્રામ/કિલો બીજદીઠ બીજ માવજત આપી જુના પાન દુર કરવા અને બપોર બાદ મેન્કોઝેબ ૨૭ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૦ થી ૧૨ દિવસના અંતરે ત્રણ છટકાવ કરવા જોઈએ.કારેલાના પાકમાં આવતી ફળમાખીના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે ઝેરની પ્રલોભન બેટ (૫૦ ગ્રામ ગોળની રસી પ્રતિ લીટર પાણીમાં ઓગાળી અને મેલાથીઓન ૧૦ ગ્રામ અથવા ડીડીવીપી ૫ મિ.લી/૧૦ લીટર પાણીમા ભેળવી) ના ત્રણ છટકાવ ફુલ આવવાના સમયથી ૧૫ દિવસના અંતરે કરવા જોઈએ.કારેલાના પાકમાં આવતા તળછારા રોગના અસરકારક નિયંત્રણ માટે મેટાલેકઝીલ અથવા કલોરોથેલોનીલ ૧૪ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે ત્રણ છટકાવ કરવા.

# પંજાબમાં તમામ ૧૧૭ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાની ભાજપની જાહેરાત

ચંદીગઢ,તા.૦૯

શિરોમણી અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે તાજેતરમાં યોજાયેલી બેઠક બાદ પંજાબના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. બંને પક્ષો વચ્ચે ફરી ગઠબંધન થવાની અટકળો વહેતી થઈ હતી, પરંતુ ભાજપે સ્પષ્ટતા કરી છે કે તે આગામી પંજાબ વિધાનસભા ચૂંટણીમાં રાજ્યની



તમામ ૧૧૭ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડશે. ભાજપના પ્રવક્તા આર.પી. સિંહે જણાવ્યું કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મોગાની રેલી દરમિયાન સ્પષ્ટ કરી દીધું હતું કે પક્ષ પોતાની ક્ષમતા પર ચૂંટણી લડવાની સંપૂર્ણ તૈયારી કરી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે સુખબીર બાદલની વડાપ્રધાન સાથેની મુલાકાત રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ, ડ્રગ્સની સમસ્યા અને પેપર લીક જેવા મહત્વના મુદ્દાઓ અંગેની ચર્ચા માટે હતી.

બીજી તરફ, કોંગ્રેસના પંજાબ પ્રભારી ભૂપેશ બઘેલે દાવો કર્યો છે કે આમ આદમી પાર્ટીના શાસનથી કંટાળેલી જનતા આ વખતે કોંગ્રેસને પૂર્ણ બહુમતી સાથે સત્તામાં લાવવા માટે આતુર છે.

# ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને પીએમ મોદી વચ્ચે ભારત-અમેરિકાની ભાગીદારી મજબૂત કરવા ફોન પર ચર્ચા

નવીદિલ્હી,તા.૯

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાતચીત કરી છે. પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોમ 'X' પર માહિતી આપતા જણાવ્યું કે, બંને નેતાઓ વચ્ચે ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા થઈ છે. આ સાથે જ પીએમ મોદીએ જેડી વાન્સ અને તેમની



પત્નીને તેમના પુત્રના જન્મ પર હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.આ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે યુએસ સેનેટે 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ૨૦૨૬' બિલ ૮૯-૧૧ના ભારે મતથી પસાર કર્યું છે. આ કાયદા હેઠળ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા ભારત અને ચીન જેવા દેશોના આયાતી માલસામાન પર ૧૦૦% સુધીનો ટેરિફ લાદવાની સત્તા મળી શકે છે. અમેરિકાનો મુખ્ય હેતુ રશિયાની અર્થવ્યવસ્થા પર આર્થિક દબાણ વધારીને યુક્રેન યુધ્ધનું ભંડોળ રોકવાનો છે. ૨૦૨૨ના સંઘર્ષ બાદ ભારતે પોતાની રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા માટે રશિયા પાસેથી ડિસ્કાઉન્ટેડ દરે ક્રૂડ ઓઈલની આયાત વધારી હતી.

# ટ્રેક સમારકામ અને ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રા સ્થગિત કરાઈ

જમ્મુ,તા.૦૯

અમરનાથ યાત્રા ટ્રેકની જાળવણી અને ખરાબ હવામાનની આગાહીને કારણે ૯ ઓગસ્ટથી સ્થગિત કરવામાં આવી છે. યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.૩ જુલાઈથી શરૂ થયેલી આ ૫૭ દિવસની યાત્રામાં અત્યાર સુધીમાં ૪.૮ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ બાબા બર્ફાનીના દર્શન કર્યા છે. વહીવટીતંત્ર દ્વારા ચંદનવારી અને બાલતાલ બંને રૂટ પરથી યાત્રા સ્થગિત રખાઈ છે.

ધાર્મિક પરંપરા અનુસાર પવિત્ર 'છડી મુબારક' પહેલગામના પરંપરાગત માર્ગથી આગળ વધશે અને ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પવિત્ર ગુફામાં આગમન સાથે યાત્રા પૂર્ણ થશે. વહીવટીતંત્રે શ્રધ્ધાળુઓને સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવા અપીલ કરી છે.

# રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકીયાના નામે નકલી વિડીયો બનાવી છેતરપિંડીનો પ્રયાસ

**'હું ગોવિંદભાઈ ધોળકિયા બોલું છું' કહી ઠગોનો નવો ખેલ**

સુરત,તા.૦૯

રાજ્યસભાના સાંસદ અને સુરતના જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયાનો 'ડીપફેક' વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર છેતરપિંડી આચરવાનો કિસ્સો સામે આવ્યો છે. ઠગોએ સાંસદના ફોટો અને વીડિયોનો દુરુપયોગ કરી જૂના સિક્કા ઊંચા ભાવે ખરીદવાની ભ્રામક જાહેરાત વાયરલ કરી હતી.

ઠગોએ 'Old Coin Company'ના નામે ફેક પ્રોફાઈલ બનાવી હતી. વીડિયોમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વતી જૂના ચલણી સિક્કા ખરીદવાના બહાને



લોકો પાસેથી પ્રોસેસિંગ ફી પેટે રૂ.૧,૫૦૦ ઓનલાઈન UPI મારફતે મેળવી નાણાં પચાવી પાડવાનો પ્રયાસ કરાતો હતો. SRK કંપનીના નિવૃત્ત DySP આર.જી. જાડેજાએ શંકાસ્પદ નંબર પર સંપર્ક કરતાં આ બનાવટી ખેલનો પર્દાફાશ થયો હતો. સાંસદની છબી ખરડવા અને લોકોને લૂંટવાના આ ષડયંત્ર સામે સુરત સાયબર ક્રાઈમ પોલીસે BNS અને IT એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવામાં વિલંબ સામે ઓમર અબ્દુલ્લાની નારાજગી

જમ્મુ,તા.૦૯

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં થતા વિલંબ પર ઊંડો અસંતોષ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્રના સતત વિલંબથી લોકોમાં આક્રોશ વધી રહ્યો છે અને તેમની પોતાની રાજકીય વિશ્વસનીયતા પર નકારાત્મક અસર પડી છે. 'ધ વાયર'ને આપેલી મુલાકાતમાં અબ્દુલ્લાએ કહ્યું કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વચનની કિંમત ચૂકવી રહ્યા છે. તેમણે આતંકવાદ નાબૂદ થયા વિના રાજ્યનો દરજ્જો ન આપવાની દલીલને ફગાવી દીધી હતી, કારણ કે સુરક્ષા તંત્ર પર સ્થાનિક સરકારનો કોઈ નિયંત્રણ નથી. વહીવટી સત્તાઓ લેફ્ટનન્ટ ગવર્નર પાસે હોવાથી કાર્યક્ષમ શાસન મુશ્કેલ બન્યું છે. તેમણે કેન્દ્ર સરકારને રાજ્યનો દરજ્જો પાછો આપવા માટે સ્પષ્ટ માપદંડ અને સમયમર્યાદા નક્કી કરવા વિનંતી કરી છે.

# દેલવાડામાં ધોરણ-૧૦ની બાળાઓની પજવણી કરતા બે રોમિયો ઝડપાયા: ઉના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

ઊના,તા. ૦૯

ઊનાના દેલવાડા સ્થિત હાઈસ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ શાળાએથી ઘરે પરત ફરી રહી હતી ત્યારે મોટરસાયકલ પર આવેલા ત્રણ યુવકોએ તેમનો પીછો કરી ખરાબ ઈશારા અને અપશબ્દો બોલી પજવણી કરી હતી. આ અંગે વિદ્યાર્થિનીઓના પિતાની ફરિયાદના આધારે ઉના પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફરિયાદ વિગત મુજબ દેલવાડા ગામના



ઉદય અરવિંદભાઈ પરમાર, અશ્ફાજ દાદુભાઈ મન્સુરી અને અન્ય એક યુવક છેલ્લા ત્રણ દિવસથી બાળાઓની હેરાનગતિ કરતા હતા. આ દરમિયાન રસ્તા પરથી પસાર થતા મસરીભાઈ આતુભાઈ વંશે વિદ્યાર્થિનીઓને દોડતી જોઈ પૂછપરછ કરતા સમગ્ર ઘટના સામે આવી હતી.

સ્થાનિકોની મદદથી બે યુવકોને રંગેહાથ ઝડપી પોલીસ હવાલે કરવામાં આવ્યા હતા, જ્યારે ફરાર થઈ ગયેલા અજય નામના ત્રીજા યુવકની પોલીસે ઓળખ મેળવી તેની શોધખોળ શરૂ કરી છે.

# ઉનામાં બેકાબૂ કાર બાઈકસવારને અડફેટે લઈ ત્રણ દુકાનમાં ઘૂસી

ઊના,તા. ૦૯

ઉનાના ત્રિકોણબાગ નજીક રવિવારે વહેલી સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આશરે સવારે ૬ વાગ્યાના અરસામાં એક કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર બેકાબૂ બની હતી. કાર બસ સ્ટેન્ડ તરફ જઈ રહેલા રાકેશ ચંદ્રકાન્ત તન્ના નામના બાઈકસવારને અડફેટે લઈ નજીકની ત્રણ દુકાનોમાં ઘૂસી ગઈ હતી. અકસ્માતમાં બાઈકસવાર રસ્તા પર ફંગોળાતા ઈજાગ્રસ્ત થયો હતો, જેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.



બાઈકસવારને ટક્કર માર્યા બાદ કાર દુકાનો તરફ ધસી જતાં બહાર પડેલી ચીજવસ્તુઓ સહિત ત્રણ દુકાનોને નુકસાન થયું હતું. જોકે, દુકાન આગળ પડેલા પથ્થર સાથે કાર અથડાઈને અટકી જતાં વધુ નુકસાન ટળ્યું હતું. વહેલી સવારે દુકાનો બંધ હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકો અને દુકાનદારો એકઠા થયા હતા. ઉના પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. કારમાં સવાર લોકો જામનગર નેવીમાં ફરજ બજાવતા હોવાનું જાણવા મળ્યું છે.

# SGVP ગુરુકુલના ૧ લાખ વૃક્ષારોપણ અભિયાન હેઠળ દ્રોણેશ્વર શાખા દ્વારા ઉનામાં વૃક્ષારોપણ શરૂ

અમદાવાદ,તા. ૦૯

SGVP ગુરુકુલ અમદાવાદના એક લાખ વૃક્ષારોપણ અભિયાનના ભાગ રૂપે, SGVP ગુરુકુલ દ્રોણેશ્વર શાખાના સંતો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ સ્વામી માધવપ્રિયદાસજીના આશીર્વાદથી મોટા પાયે વૃક્ષારોપણ અભિયાનનું ઉદ્ઘાટન કર્યું છે. આ અભિયાન અંતર્ગત ઉનાના અનેક ગામોમાં હજારો વૃક્ષો વાવવામાં આવશે.આ



કામગીરી માટે દ્રોણેશ્વર ગુરુકુલના સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વામી નરનારાયણદાસજી અને ગુરુકુલના આધ્યાત્મિક શિક્ષક મહેશ જોશી ગામડાઓમાં જનસંપર્ક અભિયાન ચલાવી રહ્યા છે, જેમાં ગ્રામ પરિષદો અને ગ્રામજનો તરફથી ઉત્સાહજનક સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

# ધોરાજીની સરકારી હોસ્પિટલમાં બાળકોના ડોક્ટરની નિમણૂક કરવા પૂર્વ ધારાસભ્યની માંગ

ધોરાજી,તા. ૦૯

ધોરાજીમાં સરકારી હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત ડોક્ટરની નિમણૂક કરવાની માગણી પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ એક પત્ર દ્વારા આરોગ્ય મંત્રીને કરી હતી. આ પત્રમાં જણાવ્યું હતું કે, ધોરાજીની સરકારી હોસ્પિટલમાં સ્થાનિક દાતા દ્વારા ખૂબ મોટી રકમનું દાન અને જરૂરી મેડિકલ સાધનોની સહાય કરવામાં આવી છે ત્યારે નિષ્ણાત ડૉક્ટરોના અભાવે દર્દીઓને વિશેષ સારવાર મળતી નથી. ગત મહિને ત્રીસ હજારથી વધુ દર્દીઓની ઓપીડી હોસ્પિટલમાં નોંધાઈ હોવા અહીં એક બાળરોગ નિષ્ણાત ડોક્ટરની અત્યંત જરૂરિયાત છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ખાનગી હોસ્પિટલની મોંઘીદાટ સારવારમાંથી મુક્તિ મળે તે આવશ્યક છે.

# કોડીનાર જમીન વિકાસ બેંકના પ્રતિનિધિ તરીકે શીવાભાઈ સોલંકી બિનહરીફ ચૂંટાયા

કોડીનાર,તા. ૦૯

કોડીનાર જમીન વિકાસ બેંકના ડિરેક્ટર અને પ્રતિનિધિની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં કુલ ચાર ઉમેદવારો પત્ર ભરાયા હતા. જેમાં કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શીવાભાઈ સોલંકી, કિશનભાઈ બારોટ, ડિરેક્ટર તરીકે નાથાભાઈ બારડ અને કુમારભાઈ રાઠોડે ઉમેદવારી કરી હતી. જોકે અન્ય કોઈ ઉમેદવારી ફોમ રજૂ ન થતાં ચૂંટણી



પ્રક્રિયા સંપૂર્ણ થયા બાદ તમામ ચારેય ઉમેદવારોને બિનહરિફ વિજેતા જાહેર કરવામાં આવ્યાં છે. આ ઉમેદવારોને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, કોડીનારના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજા અને જિલ્લા પંચાયતના સદસ્યો સહિતના અગ્રણીઓએ શુભેરછા પાઠવી હતી.

# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા યોજાયો ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમ

**CEDના સહયોગથી યુવાનોને રોજગારી સર્જક બનાવવા વિવિધ તાલીમ વર્ગોનો પ્રારંભ અને માર્ગદર્શન**

સુરત,તા. ૦૯

ગુજરાત સરકારના સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ (CED)ના સહયોગથી શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે





ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નોકરી શોધનાર નહીં પરંતુ રોજગારીના સર્જક બનાવવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ યુવા ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના વાઈસ પ્રેસિડેન્ટ રવિરાજ દેસાઈ અને દીપકભાઈ શેટાએ ધંધા-વ્યવસાયની ઊંડી જાણકારી અને ટેકનિકલ જ્ઞાનને સફળતાનો આધાર ગણાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યા મુજબ, આગામી ૨૪મી ઓગસ્ટથી સરકારના CED તરફથી એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામના વર્ગો શરૂ થશે.

# કોડીનારના ગોહિલની ખાણ ગામે દીપડો પાંજરે પુરાયો

કોડીનાર,તા. ૦૯

કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ ગામે છેલ્લા કેટલાક સમયથી આતંક મચાવનારો પથી ૯ વર્ષનો એક નર દીપડો વન વિભાગના પાંજરામાં ઝડપાઈ ગયો છે. વન વિભાગની ટીમે દીપડાને સુરક્ષિત રીતે જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડતા સ્થાનિક ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ગામમાં દીપડાની સતત અવરજવરથી ભયનો માહોલ સર્જાયો હતો, જેથી સ્થાનિક રહીશ મયુરભાઈ દુલાભાઈએ વન વિભાગને જાણ કરી



હતી. આ માહિતીના આધારે જામવાળા રેન્જના છારા રાઉન્ડના વનકર્મીઓએ ૭ ઓગસ્ટના રોજ દીપડાને પકડવા માટે વ્યૂહાત્મક રીતે પાંજરું ગોઠવ્યું હતું. દીપડાને ટૂંક સમયમાં જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરાશે. ગોહિલની ખાણ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાઓની અવરજવર ખૂબ જ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. આ સમગ્ર સીમ વિસ્તાર દીપડાઓ માટે કાયમી વસવાટનું કેન્દ્ર બની રહ્યો હોવાનું પણ સામે આવ્યું છે. માનવ અને વન્યજીવ વચ્ચેના સંઘર્ષ ઘટાડવા અને સુરક્ષા માટે ગ્રામજનોએ વનવિભાગ પાસે વિશેષ માંગ કરી છે. તેમણે આસપાસના વિસ્તારોનો યોગ્ય સર્વે કરી વનવિભાગનું નિયમિત પેટ્રોલિંગ ગોઠવવા અપીલ કરી છે.

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો પ્રકોપ: શંકાસ્પદ કેસો ૨૧૭ પર પહોંચ્યા, ૨૩ દર્દીઓના મોત

અમદાવાદ,તા.૦૯

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ૩૦ જૂનથી ૮ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કુલ ૨૧૭ શંકાસ્પદ કેસો નોંધાયા છે. કુલ શંકાસ્પદ દર્દીઓમાંથી ૩૯ દર્દીઓના લેબોરેટરી રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે ૨૩ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આરોગ્ય વિભાગે ૨૦૮ દર્દીઓના ટેસ્ટ પરિણામો જાહેર કર્યા છે અને હાલ ૯ શંકાસ્પદ કેસોના રિપોર્ટ આવવાના બાકી છે. ખાસ કરીને નાના બાળકોમાં આ



વાયરસ ઝડપથી ફેલાતો હોવાથી વાલીઓમાં ચિંતા વ્યાપી છે.


વાયરસના સંક્રમણને અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં માટીના ઘરોમાં પાવડરનો છંટકાવ, સેન્ડફ્લાય (રેતીની માખી) નાશ ઝુંબેશ અને ઘરે-ઘરે સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું છે.

બાળકોમાં તાવ, ઉલટી કે મગજના સોજા (એન્સેફાલાઈટિસ) જેવા લક્ષણો દેખાય તો તુરંત નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

# ગુજરાતમાં મોટું શૈક્ષણિક કૌભાંડ: માન્યતા રદ થયેલી ૭૦ પીટીસી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયા

અમદાવાદ,તા.૦૯

ગુજરાતમાં શિક્ષક બનવાની તૈયારી કરી રહેલા હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વર્ષ ૨૦૨૫-૨૬ની પ્રવેશ પ્રક્રિયા દરમિયાન અગાઉ માન્યતા ગુમાવી ચૂકેલી આશરે ૭૦ જેટલી પીટીસી કોલેજોને વિદ્યાર્થીઓ ફાળવવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો થયા છે.



એટલું જ નહીં, આ વિદ્યાર્થીઓની પ્રથમ વર્ષની પરીક્ષા લઈને માર્કશીટ પણ આપી દેવાઈ છે.

નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE) દ્વારા જરૂરી દસ્તાવેજો રજૂ ન કરનારી સંસ્થાઓની માન્યતા રદ કરાઈ હતી. જાકે, એનસીટીઈના ડિજિટલ પોર્ટલ પરથી માન્યતા રદ કરવાનો આદેશ દૂર કરી જૂનો મંજૂરી આદેશ દર્શાવવામાં આવ્યો હોવાની શંકા છે. નિયમિત ફી ભરીને એક વર્ષ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની ડિગ્રી અમાન્ય ઠરશે તો જવાબદારી કોની રહેશે? શિક્ષણ વિભાગે આ અંગે ત્વરિત સ્પષ્ટતા કરીને જવાબદારો સામે કાર્યવાહી કરવી જરૂરી બની છે.

# ગોંડલમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલી ૪૦ વર્ષીય ગૃહિણીની આત્મહત્યા

રાજકોટ,તા.૦૯

રાજકોટના ગોંડલ ખાતે આવેલ શાંતિનગરમાં રહેતા ૪૦ વર્ષીય ગૃહિણી નિમિષાબેન ઘેટીયાએ ગળાફાંસો ખાઈને જિંદગી ટૂંકાવી લીધી છે. મૃતક ગૃહિણીએ ૧૦ દિવસ અગાઉ સોનાના દાગીના ગીરવે મૂકી લોન લીધી હતી અને અંદાજે રૂ.૨ લાખની રકમ અજાણ્યા વ્યક્તિઓને ઓનલાઈન ટ્રાન્સફર કરી હતી. મહિલા 'ડિજિટલ એરેસ્ટ' કે ઓનલાઈન ફ્રોડનો ભોગ બન્યા હોવાની પરિવારજનો દ્વારા આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ ગોંડલ સિટી બી-ડિવિઝન પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોસ્ટમોર્ટમ: મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડાયો છે. પોલીસે મોબાઈલની વિગતો, કોલ ડિટેલ્સ અને બેંક ટ્રાન્ઝેક્શનના આધારે તપાસ તેજ કરી છે.

# અમદાવાદમાં રેલવે પોલીસ દ્વારા મુસાફરોની સુરક્ષા અને ડ્રગ્સ ગેંગ પર કડક કાર્યવાહીનો આદેશ

અમદાવાદ, તા.૦૯

અમદાવાદ ખાતે સીઆઈડી ક્રાઈમ-રેલ્વેઝની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં ડીજીપી ડો. કે. એલ. એન. રાવે મુસાફરોની સુરક્ષા, ચોરી-લૂંટ રોકવા, સીસીટીવી મોનિટરિંગ અને ઈ-એફઆઈઆર પ્રક્રિયા ઝડપી બનાવવા અંગે મહત્વના નિર્દેશ આપ્યા હતા. રેલવે માર્ગે થતી નશીલા પદાર્થોની હેરાફેરી



અટકાવવા અને આંતરરાજ્ય ડ્રગ્સ ગેંગના મૂળ સુધી પહોંચી સમગ્ર નેટવર્કનો નાશ કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. તપાસ પ્રક્રિયાને વધુ સચોટ બનાવવા માટે પોલીસ અધિકારીઓને આધુનિક ટેકનોલોજીકલ ટૂલ્સનો ઉપયોગ કરવા માર્ગદર્શન અપાયું હતું. આ એક એઆઈ આધારિત વિશ્લેષણાત્મક ટૂલ છે, જે ડેટા વિશ્લેષણ અને ઓળખની ક્રોસ-મેચિંગ કરવામાં મદદ કરે છે.

આ પ્લેટફોર્મ ડેટાસેટ્સમાંથી માહિતી શોધી સંભવિત જોખમોનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી સાબિત થાય છે.

# પિતાની પુણ્યતિથિના નામે અમદાવાદના ચાર વેપારીઓ સાથે રૂ.૯.૨૬ લાખની ઠગાઈ

અમદાવાદ,તા.૧૦





અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં હસમુખ જૈન નામના શખ્સે પિતાની પુણ્યતિથિનું બહાનું કાઢીને ચાર વેપારીઓ પાસેથી રૂ.૯.૨૬ લાખના ડ્રાયફ્રૂટ ખરીદી ઠગાઈ આચરી છે. આરોપીએ કાજુ, બદામ અને પિસ્તાનો મોટો ઓર્ડર આપી ચૂકવણી માટે આપેલા બેંક ચેક બાઉન્સ થયા હતા.

ઓનલાઈન પેમેન્ટના બહાના બનાવી નાણાં ન ચૂકવાતા વેપારી દેવારામ મોદી અને અન્ય ભોગ બનેલા વેપારીઓએ કૃષ્ણનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# કાજલ ઓઝા વૈદ્ય સાથે પર્સ સ્નેચિંગ કરનારા બે આરોપી ઝડપાયા, રૂ.૧.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ,તા.૦૯

અમદાવાદમાં જાણીતી લેખિકા અને મોટિવેશનલ સ્પીકર કાજલ ઓઝા વૈદ્ય સાથે મણિનગર વિસ્તારમાં થયેલા પર્સ સ્નેચિંગ કેસનો પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે.



ઝોન-૬ એલસીબીની ટીમે ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી કાંકરિયા રેલવે યાર્ડ પાસેથી તનવીર શેખ અને ફેજાન સૈયદ નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી રૂ.૧.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ મોજશોખ પૂરા કરવા માટે પોતાના મિત્રનું સ્કૂટર લઈને સ્નેચિંગ કરવા નીકળ્યા હતા.

અગાઉ ઝડપાયેલા બંને આરોપીઓ વિરુધ્ધ અગાઉ પણ મણિનગર, નારોલ અને ખાડિયા સહિતના પોલીસ મથકોમાં ગુના નોંધાયેલા છે.

કાગડાપીઠ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને અન્ય ચોરી કે સ્નેચિંગની ઘટનાઓમાં તેમની સંડોવણી અંગે તપાસ શરૂ કરી છે.

# સુરતના ભેસ્તાનમાં સતીષ મરાઠાની હત્યા કેસમાં ૫ આરોપીઓ અને ૪ સગીરો સહિત ૯ની ધરપકડ

સુરત,તા.૦૯

સુરતના ભેસ્તાનમાં સરસ્વતી આવાસ પાસે કુખ્યાત સતીશ મરાઠાની ધારદાર હથિયારો વડે સરાજાહેર હત્યા કરવામાં આવી હતી. સતીશના શરીર પર ધારદાર હથિયારોથી ૩૯ જેટલા ઘા ઝીકવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે કાર્યવાહી કરીને ૫ આરોપીઓ અને ૪ સગીરો સહિત



કુલ ૯ લોકોની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ હત્યા પાછળ જૂની અદાવત અને દારૂના સ્ટેન્ડ ચલાવવા માટે વર્ચસ્વની લડાઈ જવાબદાર હતી. જેલમાં બંધ રાહુલ મંડલ અને તેના સાથીઓએ ભેગા મળીને સતીશને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડ્યું હતું. હુમલાની મોડસ ઓપરેન્ડી: હુમલાખોરોએ સતીશની કારનો કાચ તોડી, ફાયરિંગ કરી તેમજ તલવાર, કુહાડી અને ચપ્પુથી હુમલો કર્યો હતો. હત્યામાં વપરાયેલા હથિયારો ભાગળ વિસ્તારમાંથી ખરીદવામાં આવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

# ભાવનગરમાં હોટલમાં બીજી ડિશ માંગવા મુદ્દે હોબાળો, સંચાલક પર છરીથી હુમલાનો પ્રયાસ; ચાર સામે ફરિયાદ

ભાવનગર,તા.૦૯

ભાવનગરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી હોટલમાં બીજી ડિશ આપવાની ના પાડતા ચાર શખ્સોએ હોબાળો મચાવી હોટલ સંચાલક સાથે ગાળાગાળી કરી હતી. તકરાર વધતા એક શખ્સે છરી કાઢી સંચાલક પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના અંગે હોટલ સંચાલક જગદીશભાઈએ



ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ચોપડે જારૂભા વરૂ, હર્ષ રાવળ, અજય મકવાણા અને ગોપાલ ચૌહાણ વિરુધ્ધ ગુનો નોંધાયો છે. હર્ષ રાવળે છરી કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી હુમલાનો પ્રયાસ કર્યો હતો.આરોપીઓના સાચા નામ-સરનામાની વિગતો ન હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો.

# આનંદનગરમાં પીજીમાં રહેતી ગૃહિણી કે યુવતી પર સિક્યુરિટી ગાર્ડે ગુજાર્યો બળાત્કાર

અમદાવાદ,તા.૦૯

અમદાવાદના આનંદનગર વિસ્તારમાં એક પીજીમાં રહીને ઈન્ટિરિયર ડિઝાઈનિંગનો અભ્યાસ કરતી મૂળ કચ્છની યુવતી પર સોસાયટીના જ સિક્યુરિટી ગાર્ડે બળાત્કાર ગુજાર્યાની શરમજનક ઘટના સામે આવી છે. ગઈકાલે રાત્રે યુવતી પીજીના ધાબા પર વોક કરવા ગઈ ત્યારે આરોપીએ પાછળથી ગળે વાયર બાંધીને આ હેવાનીયત આચરી હતી. ગંભીર હાલતમાં યુવતીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને સ્થાનિક પોલીસની ૧૦ ટીમો બનાવી વહેલી સવારે જ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.પકડાયેલ આરોપી ધર્મસિંહ રામશંકરસિંહ છે, જે મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે અને ૬-૭ દિવસ પહેલાં જ નોકરીએ રહ્યો હતો.

# ગાંધીનગરમાં ૧૭ વર્ષની સગીરાએ દુષ્કર્મ બાદ સારવાર દરમિયાન દમ તોડ્યો

ગાંધીનગર,તા.૦૯

ગાંધીનગરના પેથાપુર વિસ્તારમાં ૧૭ વર્ષની સગીરા સાથે દુષ્કર્મની ગંભીર ઘટના સામે આવી છે. કલોલ તાલુકાની સગીરાને પેથાપુરનો ૨૨ વર્ષીય દિશાંત ઉર્ફે દીપ શર્મા બાઈક પર ગેસ્ટહાઉસ લઈ ગયો હતો, જ્યાં તેણે દુષ્કર્મ આચર્યું હતું. ઘટના બાદ સગીરાની તબિયત લથડતા તેને હોસ્પિટલમાં



ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પેથાપુર પોલીસે પોક્સો અને દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટના બાદ ફરાર થઈ ગયેલા મુખ્ય આરોપી દિશાંતને પકડવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી છે. પોલીસે ઘટનાક્રમની કડીઓ જોડવા માટે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવાનું શરૂ કર્યું છે.







